THE MEHTA GROUP

Visit our website:
www.mehtagroup.com

# Gajgamini

ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૧

THE HOUSE JOURNAL OF THE MEHTA GROUP

‘ગજગામિની’ એટલે હાથીની નિશ્ચિત અને પ્રભાવશાળી ચાલ. મજબૂત... આત્મવિશ્વાસથી ભરપૂર... અને સજાગ. આ પ્રતિભાવંત પ્રાણીના આ બધા જ સકારાત્મક ગુણો મહેતા ગ્રુપમાં પણ રહેલા છે.

## અમારી ડિજિટલ રૂપાંતર તરફની યાત્રા




## પ્રોજેક્ટ પરિવર્તન

ભાગ-૧

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ (એસસીએલ) અને ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લિમિટેડ (જીએસસીએલ) દ્વારા પ્રોજેક્ટ પરિવર્તન નામના મહત્ત્વાકાંક્ષી પ્રોગ્રામનો પ્રારંભ કરાયો છે.

પ્રોજેક્ટ પરિવર્તન સમગ્ર સિમેન્ટ ઉદ્યોગમાં આ પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ છે, જેમાં બિઝનેસના તમામ પાસાને ફરી યોજનાબદ્ધ કરવાની સાથોસાથ ડિજિટલાઇઝ કરવામાં આવે છે.

ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટનું લક્ષ્ય બિઝનેસના તમામ ક્ષેત્રમાં આપણે જે પ્રકારે કાર્ય કરીએ છીએ, તે પદ્ધતિ બદલવાનું છે અને તેના પરિણામે, આપણા તમામ સ્ટેક હોલ્ડર્સ-પાર્ટનર્સને મૂલ્યવર્ધિત કાર્ય આપવાની આપણી ક્ષમતામાં હરણફાળ જોવા મળશે.

## પ્રોજેક્ટ પરિવર્તન

### બિઝનેસ પ્રોસેસીસથી પણ આગળ વધી રહી છે સમગ્ર બાબતો પર વિચારણા

સમગ્ર ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં આપણા સલાહકાર અને અમલીકરણ પાર્ટનર તરીકે અર્ન્સ્ટ એન્ડ યંગ (E&Y) છે ત્યારે આપણો બિઝનેસની કાર્યક્ષમતા અને પરફોર્મન્સને વધુ ઊંચા સ્તર સુધી લઈ જવા માટે આપણે સંપૂર્ણ વિશ્વાસ ધરાવીએ છીએ.

આપણી ડિજિટલ રૂપાંતર યાત્રા આપણને નવી બિઝનેસ પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવે તેની ગતિ વધારવાની ક્ષમતા વિકસાવવામાં તેમજ નીતનવી ટેક્નોલોજીઓના ઉપયોગ સાથે વર્તમાન પ્રક્રિયાઓને અપડેટ કરતા રહેવામાં મદદ કરશે.




આપણી ડિજિટલ ફૂટપ્રીન્ટ-પદચિહ્નના નિર્માણ માટે આપણે બ્રીડ સોલ્યુશન્સ અને સર્વિસીસ ક્ષેત્રમાં શ્રેષ્ઠત્તમ પસંદગી કરી છે. વર્તમાન પ્રવાહોને સુસંગત રહી તમામ સોલ્યુશન્સને ક્લાઉડ પ્લેટફોર્મ્સ પર મૂકવામાં આવશે જેનાથી સુરક્ષામાં વધારો, કોલબરેશન-સહકાર્યમાં સુધારો, સુલભતા, ગતિશીલતા, જાળવણીમાં સરળતા અને માપનીયતામાં નોંધપાત્ર વધારો થશે.

## અમલ કરાઈ રહેલા કેટલાક મહત્ત્વપૂર્ણ ઉપાય આ પ્રમાણે છે :

- ડિજિટલ કોર તરીકે SAPના મુખ્ય ERP સોલ્યુશન SAP S4 HANA
- પ્રોક્યોરમેન્ટ અને સપ્લાયર લાઈફ સાઈકલ માટે SAPમાંથી Ariba
- હ્યુમન રિસોર્સીસ મેનેજમેન્ટ માટે SAPમાંથી Success Factors
- કસ્ટમર રિલેશનશીપ મેનેજમેન્ટ અને ડીલર મેનેજમેન્ટ પોર્ટલ માટે SFDC સાથે Zoxima
- ટ્રક મેનેજમેન્ટ અને લોજિસ્ટિક્સ માટે Autoplant
- સોર્સિંગ, રૂટ પ્લાનિંગ અને ઓપ્ટિમાઈઝિંગ ડિસ્ટ્રિબ્યુશન માટે Optimizer Solution
- ખર્ચ વ્યવસ્થાપન સિસ્ટમ માટે Happay

# પ્રોજેક્ટ પરિવર્તન



પ્રોડક્શન પ્લાનિંગ (પીપી મોડ્યુલ) ટીમ બિઝનેસ નિર્ણયોની વધુ ઝડપી અને વધુ માહિતગાર પ્રક્રિયા સમજવા E&Y સાથે ચર્ચા-વિચારણા કરી રહી છે.

## યાત્રાનો પ્રારંભ

આપણી યાત્રાના આરંભનું પહેલું પગલું બિઝનેસ પ્રોસેસ રિ-એન્જિનિયરિંગ (BPR) ક્વાયત હતું. જેમાં આપણી વર્તમાન બિઝનેસ પ્રક્રિયાઓ અને પદ્ધતિઓની સમીક્ષાના પ્રોસેસ આઇડેન્ટિફિકેશન વર્કશોપ્સ (AS-IS State), સુધારાના સંભવિત કાર્યક્ષેત્રોની ઓળખ કરવા આપણી વર્તમાન પ્રક્રિયાના નબળા મુદ્દાઓ અને મર્યાદાઓને સમજવાનો સમાવેશ થતો હતો.

પ્રક્રિયાઓને સરળ બનાવવા તેમજ ઇન્ડસ્ટ્રીની શ્રેષ્ઠ પ્રસ્થાપિત કાર્યપદ્ધતિઓ સાથે સંકલન કરવા રૂપરેખા વિચારતા વર્કશોપ્સ મારફત હવે શરૂ થનારી પ્રક્રિયાઓની રચના બિઝનેસ પાર્ટનર સાથે મળીને કરવામાં આવી હતી. To Be પ્રક્રિયાઓ પર આધારિત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ (SOPs)નું ડોક્યુમેન્ટેશન કરવામાં આવ્યું અને ટેક્નોલોજીકલ સોલ્યુશન્સ માટે બિઝનેસ બ્લૂ પ્રિન્ટ્સ (BBP) વિકસાવવામાં આવી હતી.



# પ્રોજેક્ટ પરિવર્તન




બિઝનેસની HRMS (SF) ટીમ રિયલ-ટાઈમ બિઝનેસમાં જરૂરી કુદરતી શક્તિના ઉપયોગની ક્ષમતા વધારવા અને સ્પર્ધાત્મક બની રહેવાની પ્રક્રિયા સમજવા E&Y સાથે ચર્ચા-વિચારણા કરી રહી છે.

કર્મચારીઓ નવી પ્રક્રિયાઓ અને સોલ્યુશન્સથી બરાબર માહિતગાર થાય તેની ચોકસાઈ માટે તમામ કામગીરીના ક્ષેત્રોમાં ચેઇન્જ મેનેજમેન્ટ વર્કશોપ્સ યોજવામાં આવ્યા હતા.



## પ્રોજેક્ટ પરિવર્તન




**રૂપાંતરણ પ્રયાસોના ભાગરૂપે બિઝનેસ પ્રક્રિયાઓની સંકલિત રૂપરેખાઓમાં સોલ્યુશન્સ ક્ષમતાઓ સમજી અને આશાસ્પદતાને નિહાળી રહેલી બિઝનેસ ટીમ.**

ત્વરિત સંમતિ–મંજૂરી, ચોક્કસ સમયે કાર્યવાહીને યોગ્ય અપડેટ્સ અને એનાલિટિકલ રિપોર્ટિંગ સાથે મહત્ત્વના હિસ્સેદારોની મદદ કરી શકાય તે માટે સમગ્ર બિઝનેસ વેલ્યુ ચેઇનની તમામ ચાવીરૂપ પ્રક્રિયાઓને SAP Fiori અને આ વર્ગના અન્ય શ્રેષ્ઠ સોલ્યુશન્સના ઉપયોગ થકી ગતિશીલ બનાવાશે.

## પ્રોજેક્ટ પરિવર્તન




બિઝનેસ IT ટીમ SAPના અમલીકરણ તેમજ સિસ્ટમ સસ્ટેનન્સ પ્લાનિંગ POST GO LIVE માટે સપોર્ટ જરૂરિયાતોનું મૂલ્યાંકન કરી રહી છે.



# પ્રોજેક્ટ પરિવર્તન





ડિજિટલાઇઝેશનથી આપણા ગ્રાહકો વધુ ઝડપથી અને વાસ્તવિક સમયમાં કામ કરી શકશે જેના પરિણામે સફળતાના ઉચ્ચ શિખર હાંસલ કરી શકાશે ત્યારે આપણા સંયુક્ત બિઝનેસ જ્ઞાન અને ટેક્‌નિકલ ક્ષમતાઓથી ગ્રાહકોને વધારાના લાભો કઈ રીતે આપી શકાય તેની વિચારણા સેલ્સ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન ટીમ (SD Module) મારફત થઈ રહી છે.

## વર્તમાનમાં આપણું સ્થાન ક્યાં છે ?

પ્રોજેક્ટ પરિવર્તન અમલીકરણના ઘણા આગળના તબક્કામાં છે. દરેક બિઝનેસ કામગીરીમાંથી બિઝનેસ પ્રોસેસ ઓનર્સ (BPO)ની ઓળખ કરી લેવાઈ છે જેથી તેઓ BPRમાં પોતાના મહત્ત્વના ઇનપુટ્સ–માહિતી પૂરી પાડી શકે અને તેમની બિઝનેસ કામગીરીઓમાં પ્રોજેક્ટને અને ટેક્નોલોજીકલ સોલ્યુશન્સને ગતિમાં લાવી શકે. સોલ્યુશન્સના અમલીકરણ અને પરિવર્તનના એજન્ટ તરીકે કાર્ય કરવા દરેક કામગીરીમાંથી કોર ટીમ મેમ્બર્સ (CTM) BPOsને મજબૂત રીતે મદદ કરી રહ્યા છે.



પ્લાન્ટ મેઇન્ટેનન્સ ટીમ (PM Moudule) SAP સિસ્ટમની મેઇન્ટેનન્સ પ્રોસેસ સમજવા સાથે ચર્ચા-વિચારણા કરી રહી છે.

# પ્રોજેક્ટ પરિવર્તન

BPOs અને CTMs આ પ્રોજેક્ટ પર E&Y અને સોલ્યુશન્સ પ્રોવાઈડર્સની ટીમો સાથે નવ મહિના કરતાં વધુ સમયથી નિર્ણાયકપણે કામ કરી રહ્યાં છે. તમામ ટેક્સ પર BPR અને SOPs પરિપૂર્ણ કરાઈને ફંક્શનલ હેડ્સ સાથે ચર્ચા–વિચારણા પછી કાર્યરત બનાવાયા છે. BBPs પણ પૂર્ણ કરી દેવાયા છે અને ટેક્નોલોજીકલ સોલ્યુશન્સ વિકાસ અને એકીકરણના ઘણા આગળના તબક્કામાં પહોંચ્યા છે.

'ટ્રેઈન ધ ટ્રેઈનર' વિચારને અપનાવી લેવાયો છે જેમાં BPOs અને CTMs સમગ્ર સંસ્થામાં આખરી ઉપયોગકર્તાને પણ તાલીમ આપે છે અને અલગ અલગ સ્થળોએ તમામ વપરાશકારો સુધી પહોંચવામાં મદદ કરે છે. સોલ્યુશન્સ વિકાસ અને એકીકરણના ઘણા આગળના તબક્કામાં પહોંચ્યા છે.

BPOs અને CTMs ટીમો તેમજ સંબંધિત E&Y અને સોલ્યુશન્સ પ્રોવાઈડર્સની ટીમો સાથે સંકળાયેલા આશરે ૯૦ લોકો કામગીરી સમયસર અને ગુણવત્તા સાથે પૂર્ણ કરી શકે તે માટે હાલ રાણાવાવ ખાતે દિવસ–રાત કામ કરી રહ્યા છે. એડમિનિસ્ટ્રેશન અને એચઆર ટીમોએ આશરે બે મહિના સુધી આટલા બધા લોકોને રાખવાની ઉત્તમ વ્યવસ્થા કરી છે.

ઈઆરપી અને સોલ્યુશન્સના યુઝર એક્સેપ્ટન્સ ટેસ્ટિંગની કામગીરી પ્રગતિમાં છે અને છેલ્લે સુધીનું એકીકરણ અને પરીક્ષણ ટૂંક સમયમાં કરી લેવાની ધારણા છે. કટ–ઓવર સ્ટ્રેટેજીને આખરી ઓપ અપાઈ રહ્યો છે તેમજ નવી સિસ્ટમ્સ કાર્યાન્વિત કરાય ત્યારે ઓછામાં ઓછો વિક્ષેપ થાય તેની ચોકસાઈ માટે સિસ્ટમ બ્લેકઆઉટનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આટલી પ્રગતિ સાથે તમામ નવી ડિજીટલ રૂપાંતરણ યાત્રાની સંપૂર્ણ તૈયારી કરી લેવા અને આપણા તમામ સંબંધિત હિસ્સેદારોને સાથે લઈને આગળ વધવાનો અમને વિશ્વાસ છે. ઉત્પાદન વિકાસની પ્રક્રિયા હોય કે સર્વિસ ડિલિવરી, ટેલેન્ટ મેનેજમેન્ટ હોય કે ગ્રાહક સાથે લેવડ–દેવડ હોય, છેલ્લે તો ઉત્સાહ, ઉદ્દેશ અને લોકો જ બિઝનેસ ઓપરેશન્સના મધ્યમાં રહેવાના છે.



FICO ટીમ બિઝનેસ પ્રક્રિયાઓને કાર્યાન્વિત કરવા HAS4NA ની સારરૂપ રિયલ-ટાઈમ ક્ષમતાઓને સમજવા અને બિઝનેસ ઈવોલ્યુશનને પરિણામદાયી બની રહે તેવા ટ્રાન્ઝેક્શનલ ડેટાના સરળ મેનેજમેન્ટની રીતો તપાસવાની સમજ મેળવી રહી છે.

# પ્રોજેક્ટ પરિવર્તન



પ્રોક્યોરમેન્ટ ટીમ (MM Module) ચોક્કસ સમય અને એકીકૃત વાતાવરણમાં બિઝનેસ લાભોને મહત્તમ કરવા માટે પ્રોસેસ અને બિઝનેસ રૂપરેખાને સમજવા E&Y સાથે ચર્ચા-વિચારણા કરી રહી છે.

## પ્રોજેક્ટ પરિવર્તનથી અપેક્ષિત લાભો

વિના અવરોધ–ખામીરહિત અનુભવ પ્રાપ્ત થઈ શકે તે માટે ઉપરોક્ત સોલ્યુશન્સને SAP S4 HANA અને અન્ય સોલ્યુશન્સ સાથે એકીકૃત કરી દેવાશે.

આ પ્રોજેક્ટમાંથી પ્રાપ્ત થનારા કેટલાંક મુખ્ય લાભ આ મુજબના હશે :

- શ્રેષ્ઠ પદ્ધતિઓ અને પ્રક્રિયાઓ અપનાવવી.
- સુસંવાદિતા
- ભાવિ માટે તૈયાર રિએન્જિનિયર્ડ પ્રોસેસીસ
- સિસ્ટમ આધારિત પ્રોસેસ અમલીકરણ
- મજબૂત રિસોર્સ–સ્રોત સંચાલન અને ઉત્પાદન આયોજન
- તમામ પ્રક્રિયાઓમાં કાર્યક્ષમતાઓનું સંકલન
- પ્રયત્નોમાં પારદર્શિતા અને ઘટાડો
- સારા ગ્રાહકનો અનુભવ
- લઘુતમ માનવીય હસ્તક્ષેપ
- ચોક્કસ સમયે ડેટા સંગ્રહમાં વૃદ્ધિ
- વધારે સારા નિર્ણય પ્રક્રિયા માટે ડેટા એનાલિટિક્સ અને ડેટાથી પ્રાપ્ત સૂક્ષ્મ દૃષ્ટિ
- વધારે સારી સંભાળ માટે KPIs અને ડેશબોર્ડ્સ

## પ્રોજેક્ટ પરિવર્તન


આ લાભોના પરિણામે ખર્ચ–કિંમતોમાં ઘટાડા, ગ્રાહકોના સશક્તિકરણથી વધારે સારા સંબંધો, સારી નિર્ણય શક્તિ તેમજ કર્મચારીઓની ઉત્પાદક્તા, ડિસ્ટ્રિબ્યુશન અને વેરહાઉસિંગ વ્યૂહરચનાઓ ઇત્યાદિમાં સુધારા જોવા મળશે.



ટીમ પ્રોજેક્ટ પરિવર્તન

**ભાગ-૨** વપરાશકારોના અનુભવ અને મેળવેલ લાભોની જાણકારી મેળવ્યા પછી આગામી અંકમાં પ્રકાશિત કરીશું.

## પ્રોજેક્ટ પરિવર્તન



## પ્રોજેક્ટ લીડરના ડેસ્ક પરથી



**શ્રી રાકેશ મહેતા**
**ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર**
**કોર્પોરેટ ઓફિસ, મુંબઈ**

### આવતીકાલના નવા રોમાંચક ડિજિટલ પ્રભાતની ઉત્સુકતા

પ્રોજેક્ટ પરિવર્તન આપણી એકથી બીજી પ્રક્રિયાઓના પ્રવાહોને સુધારવાની આપણી સંસ્થાના ડિજિટલ બિઝનેસ રૂપાંતરણની વ્યૂહરચના છે. જેનો હેતુ સરળીકરણ, ઓટોમેશન અને પારદર્શિતા લાવવાનો છે. તેનાથી આપણી તમામ વારસાગત પ્રક્રિયાઓને ફરી જાણવાની અને કર્મચારીઓમાં પરિવર્તન સંચાલનની છાપ ઉપસાવવાની તક મળી છે.

તેમાં બિઝનેસના તમામ પાસાઓ – ગ્રાહકો સાથેના સંબંધો હોય, વેન્ડોર–ફેરિયાઓનું સંચાલન હોય, સપ્લાય ચેઈન, લોકોના વિકાસ અથવા નાણાંકીય સંચાલન હોય–માં ટેક્નોલોજીને એકીકૃત કરવાનો સમાવેશ થાય છે.

ડિજિટલ સોલ્યુશન્સના સમગ્ર સમૂહથી આપણી સંસ્થાને ઘણા લાભ મળી શકશે. આ બધું પરિવર્તન ટીમના સભ્યોની નિષ્ઠા અને સંકળાયેલ તમામ ઉપરી અધિકારી તેમજ E&Y અને તમામ સોલ્યુશન પ્રોવાઈડર્સના સહકારના કારણે જ શક્ય બન્યું છે. આ તો આપણા પ્રયાસોનો આરંભ માત્ર છે અને હજુ લાંબી યાત્રા પૂરી કરવાની બાકી છે.



પ્રોજેક્ટ પરિવર્તન



## પ્રોજેક્ટ મેનેજરના ડેસ્ક પરથી



**શ્રી રાજીવ કુમાર સિંઘ**
**જનરલ મેનેજર - ટેકનિકલ સર્વિસીસ**
**કોર્પોરેટ ઓફિસ, મુંબઈ**

વ્યવસ્થિત બિઝનેસ પ્રક્રિયા ધરાવવા તેમજ પાર્ટનર્સ માટે મૂલ્યવૃદ્ધિના હેતુસર સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ અને ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લિમિટેડ દ્વારા સમગ્ર બિઝનેસ પ્રક્રિયાના ડિજિટલાઈઝેશનનો વિચાર કરાયો છે અને તેના પરિણામે 'પ્રોજેક્ટ પરિવર્તન' નામનો પ્રોજેક્ટ અમલી બનાવાયો છે.

પ્રોજેક્ટ પરિવર્તનની કેન્દ્રીય અમલીકરણ ટીમે પણ આ બાબતને એક પડકાર તરીકે ઉપાડી લીધી છે. આ બાબત સમગ્ર ટીમ માટે તદ્દન નવી હોવા છતાં ટીમ જે રીતે તેમની સંબંધિત પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ પદ્ધતિઓને સામેલ કરવાના પ્રયાસો હાથ ધર્યા છે તે ખરેખર આવકારદાયક છે.

નેતાગીરીએ સમગ્ર ડિજિટલ ટ્રાન્સફોર્મેશન – રૂપાંતરણ યાત્રા દરમ્યાન પ્રતિબદ્ધતા દર્શાવી છે અને કેન્દ્રીય ટીમને સફળતાપૂર્વક સરળ રૂપાંતરણને પ્રસ્થાપિત કરવા તમામ બનતો સહકાર મળતો રહે તેની ચોકસાઈ રાખી હતી.

આમ પણ, સારા સંચાલન પરિવર્તન માટે આપણી બિઝનેસ સંસ્કૃતિમાં ડિજિટલાઈઝેશનને આત્મસાત કરવાની આવશ્યકતા છે. આથી સફળ થવા માટે સંસ્થાકીય સ્તરે તમામ આખરી વપરાશકારોની સંપૂર્ણ તાલીમ પણ જરૂરી છે.

આ ઉપરાંત ટીમ તેને સંપૂર્ણ સફળ બનાવવા માટે આપણા અમલીકરણ સાથીદાર E&Y સાથે ગાઢ સંકલન સાધીને હાલ કાર્ય કરી રહી છે.

# યુગાન્ડાના પ્રેસિડેન્ટ દ્વારા આયોજિત દિવાળીની ઉજવણીમાં શ્રી અને શ્રીમતી મહેન્દ્ર મહેતાની પ્રેરક ઉપસ્થિતિ



(ડાબે થી જમણે) ચેરમેન શ્રી મહેન્દ્ર એન. મહેતા, યુગાન્ડાના પ્રેસિડેન્ટ જનરલ માનનીય યોવેરી કાગુટા મુસેવેની અને એસસીઓયુએલના ડાયરેક્ટર શ્રીમતી સુનયના મહેતા

યુગાન્ડાના પ્રેસિડેન્ટ જનરલ યોવેરી કાગુટા મુસેવેનીએ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૧ના દિવસે સ્ટેટ હાઉસ ખાતે દિવાળીના વાર્ષિક કાર્યક્રમની ઉજવણી કરી હતી. હંમેશની ઉજવણીથી અલગ, કોવિડના કારણે મર્યાદિત આમંત્રિત મહેમાનો બોલાવ્યા હતા. આમ છતાં આનંદ અને ગૌરવની બાબત એ છે કે આમંત્રિતોમાં આપણા સન્માનનીય ચેરમેન – શ્રી એમ. એન. મહેતા અને ડાયરેક્ટર શ્રીમતી સુનયના મહેતાએ અગ્રસ્થાન શોભાવ્યું હતું.

ઇન્ડિયન એસોસિએશન ઓફ યુગાન્ડાના ચેરમેન દ્વારા ભારતીય બિઝનેસ સમુદાયને આમંત્રણ અપાયું હતું. આ પ્રસંગે પ્રેસિડેન્ટે યુગાન્ડા સ્થિત ભારતીય બિઝનેસને સંપૂર્ણ સાથ–સહકાર આપવાની ભારતીય બિઝનેસ સમુદાયને ખાતરી આપી હતી. તેમણે અન્ય ભારતીયોને પણ યુગાન્ડામાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

## યુગાન્ડાના લુગાઝી ખાતે એસસીઓયુએલમાં દિવાળીની ઉજવણી

આ વર્ષે યુગાન્ડામાં કોવિડ નિયંત્રણોના કારણે યુગાન્ડા સરકારે જાહેર કરેલ માર્ગદર્શિકા અનુસાર દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. સોશ્યલ ડિસ્ટન્સિંગ, હેન્ડ સેનિટાઈઝિંગ અને ફેસ માસ્ક પહેરવાના નિયમોના કડક પાલન સાથે માત્ર સિનિયર મેનેજમેન્ટના સભ્યોને ઉજવણીમાં આવવાની છૂટ આપવામાં આવી હતી.

આપણા ચેરમેન શ્રી એમ. એન. મહેતાએ દિવાળીના ઉત્સવ નિમિત્તે મહેતા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં લુગાઝીમાં તાજેતરમાં સ્થપાયેલી નવી COGEN ફેક્ટરી માટે એસસીઓયુએલ, યુગાન્ડાના રિજિયોનલ ડાયરેક્ટર શ્રી એસ.સી. શર્માના વિશિષ્ટ યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ખાંડના સૌથી વધુ ઉત્પાદન, વેચાણો, ડિસ્ટિલરી ઉત્પાદનો અને વેચાણો, કાર્બન ડાયોક્સાઈડ ઉત્પાદન અને વેચાણો તેમજ COGEN પ્લાન્ટના સફળ ઇન્સ્ટોલેશન અને વીજળીની નિકાસ માટે એસસીઓયુએલના તમામ સભ્યોને અભિનંદન આપ્યા હતા.



(ડાબે થી જમણે) યુગાન્ડાના એસસીઓયુએલ ખાતે શ્રીમતી સુનયના મહેતા, શ્રીમતી નિર્મળા અને શ્રી રણવીર ખટાઉ, શ્રી મહેન્દ્ર મહેતા અને શ્રી હેમનાભ ખટાઉ દિવાળીની પૂજા દરમ્યાન આરતી ઉતારી રહ્યા છે.



શ્રી એમ.એન. મહેતા અને શ્રી હેમનાભ ખટાઉ નવા હિસાબી ચોપડાઓમાં 'શ્રી ગણેશાય નમઃ' લખી રહ્યા છે.

હિન્દુ પંચાંગ અનુસાર નવા નાણાંકીય વર્ષના આરંભ નિમિત્તે નવા હિસાબી ચોપડાઓમાં માતા સરસ્વતી દેવી, માતા લક્ષ્મી દેવી અને ગણેશ દેવનું આહ્વાન કરી આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમની પૂજા કરવામાં આવી હતી. તમામ ગ્રુપ કંપનીઓના ચીફ એક્ઝિક્યુટિવ્ઝ અને પ્રતિનિધિઓએ હિસાબી ચોપડાની પૂજા કરી હતી અને નવા વર્ષ માટે નવા હિસાબોનો આરંભ કર્યો હતો.



શ્રી અને શ્રીમતી એમ.ડી. હેગડે દિવાળી પૂજા દરમ્યાન આરતી ઉતારી રહ્યા છે.




## દિવાળીની વર્ચ્યુઅલ ઉજવણી

ભારતના સૌથી મોટા અને સૌથી પવિત્ર તહેવારોમાંના એક એવા દિવાળી તહેવારની ઉજવણી વ્યાપક મહત્ત્વ ધરાવે છે. મોટા ભાગની કંપનીઓ ઓફિસોને સુશોભિત કરે છે અને કર્મચારીઓને ભેટ અને મીઠાઈઓ વહેંચે છે. આપણે પણ આવી ઉજવણી કરી હતી પરંતુ વર્તમાન મહામારીના કારણે તે અલગ પ્રકારની રહી હતી !

જોકે એમ કહેવાય જ છે કે, જરૂરિયાત તમામ શોધની માતા છે ! આથી આ વર્ષે ઉજવણીના ઉત્સાહને જાળવી રાખવા આપણે અનેક પ્રવૃત્તિઓ સાથે 'વર્ચ્યુઅલ દિવાળી સ્પર્ધા'નું આયોજન કર્યું હતું.

આ સ્પર્ધામાં બે કેટેગરીનો સમાવેશ કરાયો હતો.

**"તમારા માટે દિવાળી એટલે…"**

**અને**

**'દીપ સુશોભન સાથે શ્રેષ્ઠ રંગોળી'**



અમને બંને કેટેગરીઝમાં અનેક એન્ટ્રીઝ મળી હતી. ડીજીએમ–લોજિસ્ટિક્સ શ્રી સંજય માલકર, એમડી ઓફિસના સિનિયર એક્ઝિક્યુટિવ શ્રી મનોજ વાધવાણી અને એચઆર મેનેજર સુશ્રી મનિષા નાયડુ દ્વારા વિજેતાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.



## શ્રેષ્ઠ રંગોળીના વિજેતા
**(શ્રી એ.પી. રાવ)**



સીએફઓ અને કંપની સેક્રેટરી શ્રી વી.આર. મોહનોટ અને ડાયરેક્ટર - એચઆર શ્રી પ્રકાશ કુંતે પાસેથી ભેટ સ્વીકારી રહેલા શ્રી એ.પી. રાવ, સિનિયર મેનેજર, લીગલ

**શ્રેષ્ઠ લેખ**

## બાળપણની અનેક સ્મૃતિસભર મારી દિવાળી

**શ્રી નયન દફતરી, મેનેજર-એકાઉન્ટ્સ**

ફરી એક વખત વર્ષનો એ દિવસ આવી પહોંચ્યો છે. આ એ સમય છે જ્યારે વાતાવરણમાં ઠંડક, પડોશમાં પ્રકાશદીપ, દરેકની આંખોમાં ચમક હોય છે અને દીપોત્સવના આગમનથી ઉનાળો આખરે વિદાય લે છે. ઉત્સવના ઉત્સાહમાં રેશમી સૂર્યપ્રકાશ અને ઉષ્માનો ઉમેરો થાય છે.

અલગ અલગ લોકો માટે દિવાળીનો અર્થ અલગ અલગ થતો રહે છે પરંતુ આપણે જ્યારે આ ઉત્સવ વિશે વાત કરીએ ત્યારે દરેકના દિલોદિમાગ સંસ્મરણોથી ભરાઈ જાય છે. આપણા દરેકના દિલના એક ખૂણામાં વિશેષ સ્મરણો ગોઠવાયેલા હોય છે અને જ્યારે પણ તેને યાદ કરીએ ત્યારે ચહેરા પર સ્મિત છલકાઈ આવે છે.

**આપણે બાળપણમાં દિવાળીની ઉજવણી માણતા હતા ત્યારની આ કેટલીક યાદગીરી એવી છે જેને આપણે હજુ મમળાવીએ છીએ :**

- જ્યારે માતા આપણી સાથે સાફ-સફાઈની વાત કરે તેનો અર્થ એટલો જ દિવાળી નજીકમાં આવી છે. દિવાળી ટાણે સફાઈ મોટી વાત હતી અને આપણા રૂમ તદ્દન સ્વચ્છ કરી રાખવામાં માતાઓ આપણા પર વિશ્વાસ મૂકતી હતી. આ પછી રંગબેરંગી ફાનસ અને દીવડા સાથે સુશોભનનો વારો આવતો હતો.
- દિવાળીના થોડાં સપ્તાહ પહેલા જ ફટાકડાની ખરીદી શરૂ કરી દેવાતી હતી.
- ફટાકડાની વાત કરીએ છીએ ત્યારે શાળાના કલાસમાં ફટાકડા નહીં ફોડવાની ખાતરીઓ યાદ રાખવી અને આપણા પિતા સાથે ફટાકડા ખરીદવા જવાની મોજ અને ઉત્સાહ અલગ જ હતા.
- દિવાળી એટલે શાળામાં ઘણી રજા અને આપણા માટે તેનું મહત્ત્વ વધારે રહેતું હતું.
- દિવાળીના સપ્તાહ પહેલા લોકો તમારા ઘેર આવે એટલે તહેવારોની શરૂઆત થઈ જાય.
- સગા પાસેથી મળેલી ભેટોને ખોલવામાં અનેરો ઉત્સાહ આવતો હતો.
- તહેવાર-ઉત્સવ માટેના વસ્ત્રો હાથમાં આવતાં જ ભારે મજા આવી જતી હતી.
- અનંત આકાશમાં વિવિધ પ્રકારના ફટાકડાના રંગો નિહાળવાનો અનુભવ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.
- મહેમાનો માટે અલગ રખાયેલા સૂકા મેવા છાનામાના ખાઈ લેવાની લાગણી તો અલગ જ હતી.
- આપણી માતા સુંદર રંગોળી તૈયાર કરતી હતી અને આપણે છેલ્લે એકાદ-બે લાઈન કરી આપીએ પરંતુ અભિમાન સાથે આપણે જ આખી રંગોળી બનાવી હોવાના દાવા કરતા હતા.
- આપણે કેલરીની જરા પણ ચિંતા કર્યા વિના એક પછી એક મીઠાઈ પેટમાં પધરાવતા રહેતા હતા.
- વડીલોના હાથે અપાતું શુકન એ તો વધારાનું બોનસ હતું. શરૂમાં તો આપણે વિવેક દાખવી આનાકાની કરતા હતા પરંતુ મનમાં તો ઉત્સાહ અને ખુશીનો પાર ન રહેતો.
- કોઈ પણ બાબતમાં ના હતી જ નહીં. તમે મહિનાઓથી જે ચીજોની માંગણી કર્યા કરતા હોવ તેને પણ માતા-પિતા આખરે ખરીદી આપતા હતા. દિવાળીનો સમય હોવાથી તેઓ કોઈ વાતનો ઇન્કાર કરતા નહી.

**છેલ્લે... આપ સર્વેને આનંદપૂર્ણ દિવાળી અને નૂતન વર્ષાભિનંદન...!**



એકાઉન્ટ્સ મેનેજર શ્રી નયન દફ્તરી, ડાયરેક્ટર-એચઆર શ્રી પ્રકાશ કુંતેના હસ્તે એવોર્ડ સ્વીકારી રહ્યા છે.

स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर

## સ્વચ્છ સિધ્ધિગ્રામ અભિયાન સાથે ગ્રુપ પાર્ટી





સિધ્ધિ રિક્રિએશન ક્લબની લેડીઝ ક્લબ દ્વારા ઓક્ટોબરમાં તેમની મહિનાની પાર્ટી અલગ રીતે કરવાની ચોકસાઈ રખાઈ હતી. ભારત સરકારની સ્વચ્છ ભારત અભિયાનની પહેલના ભાગરૂપે તમામ રમતો, ડાન્સ, ગીતો અને નાટક સ્વચ્છ સિધ્ધિગ્રામ અભિયાન પર આધારિત હતા.

અત્યંત સ્વાદિષ્ટ ભોજને ઉપસ્થિત લોકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

## શ્રીમતી નરીન્દર કોર ગિલોત્રા સિધ્ધિ લેડીઝ ક્લબ અને એસસીએલ લેડીઝ ક્લબની મુલાકાતે

આપણા મેનેજિંગ ડાયરેક્ટર શ્રી એમ. એસ. ગિલોત્રાના પત્ની શ્રીમતી નરીન્દર કોર ગિલોત્રાએ સિધ્ધિગ્રામની મુલાકાત દરમ્યાન સિધ્ધિ લેડીઝ ક્લબની પણ મુલાકાત લીધી હતી. સિધ્ધિ લેડીઝ ક્લબના સભ્યોએ સંખ્યાબંધ વિશેષ પ્રવૃત્તિઓ સાથે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રવૃત્તિઓમાં ખાસ પ્રકારની રમૂજ, ડાન્સ, રમતો અને ગીતોના સથવારે સાંજ રળિયામણી બની હતી.

સભ્યોએ તેમની સાથે હાઈ–ટીની મોજ માણી હતી તેમજ દિવસ દરમ્યાનની રમતોના વિજેતાઓને ઈનામોના વિતરણ સાથે સલૂણી સાંજનું સમાપન થયું હતું.





એસસીએલના ડાયરેક્ટર-વર્ક્સ શ્રી નરેન્દ્ર સિંઘના પત્ની શ્રીમતી ઈરા સિંઘે શ્રીમતી ગિલોત્રાનું સ્વાગત કર્યું હતું.

એસસીએલ, રાણાવાવની મુલાકાત દરમ્યાન સૌરાષ્ટ્ર સિમેન્ટ લેડિઝ ક્લબ દ્વારા આયોજિત મિલન સમારંભના મુખ્ય મહેમાન શ્રીમતી ગિલોત્રા હતા. શ્રીમતી ગિલોત્રાએ એસસીએલ લેડિઝ ક્લબ દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.

## સિધ્ધિ લેડિઝ ક્લબ દ્વારા ક્રિસમસની ઉજવણી

સિધ્ધિ લેડિઝ ક્લબ ખાતે ક્રિસમસની ઉજવણી અનેક પ્રકારની રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે કરવામાં આવી હતી. આનંદથી ભરપુર પ્રવૃત્તિઓથી આ દિવસ યાદગાર બની ગયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત દરેકે હાઈ–ટીની મોજ માણી હતી.








## એસસીઓયુએલ, યુગાન્ડામાં ક્રિસમસની ઉજવણી



એસસીઓયુએલ સેલ્સ અને માર્કેટિંગ સ્ટાફ શ્રી લુટજાની કેમિસીએ યુગાન્ડા–લુગાઝીમાં સુગર અને કેબલ ફેક્ટરીની આસપાસ રહેતી કોમ્યુનિટીના બાળકોનું મનોરંજન કરવા સાન્તા ક્લોઝના વસ્ત્રો પહેરી નાચતા અને ગાતા સાથે સ્થાનિક કોમ્યુનિટીમાં મીઠાઈ વહેંચી હતી.



બહુપ્રતિભાશાળી શ્રી કેમિસી નકલ કરી, ગાઈ, નાચી શકે છે અને લોકોને હસાવવા બધું કરી છૂટે છે.

તાજેતરમાં તેઓ સ્થાનિક એલસી–૩ મેયર તરીકે ચૂંટાઈ આવ્યા છે.

## એસસીએલ રાણાવાવ દ્વારા ૨૦૨૧ની વિદાય અને વર્ષ ૨૦૨૨નું સ્વાગત

WELCOME 2022



રાણાવાવ ખાતેની ટીમે વર્ષ ૨૦૨૧ને વિદાય આપી ભારે ધામધૂમ સાથે વર્ષ ૨૦૨૨નું સ્વાગત કર્યું હતું.

ધ ઓફિસર્સ ક્લબના સભ્યો અને તેમના પરિવારોએ મનભાવન સ્વાદિષ્ટ ભોજન, મ્યુઝિક અને ડાન્સ સાથે સાંજ યાદગાર બની રહે તેની તકેદારી રાખી હતી. લેડીઝ ક્લબના પ્રેસિડેન્ટ શ્રીમતી ઈરા સિંઘ સ્વાદિષ્ટ કેક કાપીને ૨૦૨૨નું સ્વાગત કરવામાં અગ્રેસર રહ્યા હતા જ્યારે તેમના પતિ એસસીએલના ડાયરેક્ટર-વર્ક્સ શ્રી નરેન્દ્ર સિંઘે ધ મહેતા ગ્રુપ સાથે સંકળાયેલા તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સૂત્રાપાડા પોલીસ ટીમ સાથે મૈત્રીપૂર્ણ ક્રિકેટ મેચ

કંપની અને સ્થાનિક પોલીસ સાથે સંકલનને મજબૂત બનાવવાના હેતુસર ટીમ સિધ્ધિ અને ટીમ સૂત્રાપાડા પોલીસ વચ્ચે મૈત્રીપૂર્ણ ક્રિકેટ મેચનું આયોજન કરાયું હતું. સૂત્રાપાડા પોલીસ ટીમના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી અજિતસિંહ હેરમા તેમની ટીમ સાથે સિધ્ધિગ્રામ આવ્યા હતા અને ડાયરેક્ટર-વર્ક્સ શ્રી દિનેશ રાંદડે પોલીસ ટીમનું સ્વાગત કરી ક્રિકેટ મેચનું ઉદ્‌ઘાટન કર્યું હતું.



Free Eye Checkup Camp

# યુગાન્ડાના એસસીઓયુએલ, કમ્પાલા ખાતે મહેતા હોસ્પિટલમાં નિઃશુલ્ક આઈ કેમ્પ



યુગાન્ડાના કમ્પાલા ખાતેની એએસજી આઈ હોસ્પિટલમાં આંખોનું પરીક્ષણ કરી રહેલા ડો. રેહાન ખાન અને તેમની ટીમ.

પાંચ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ યુગાન્ડાના કમ્પાલા ખાતે મહેતા હૉસ્પિટલે એએસજી આઈ હૉસ્પિટલના સહકારથી આંખની નિ:શુલ્ક તપાસનું આયોજન કર્યું હતું.

એએસજી ટીમે કોમ્પ્યુટરાઈઝ ઓટો રિફ્રેક્ટરોમીટર, રેટિનો/ફંડોસ્કોપીથી રિફ્રેક્ટિવ એરરની તપાસ કરી હતી. એએસજી આઈ હૉસ્પિટલના વડા ડો. રેહાન ખાને અન્ય નિષ્ણાતોની ટીમની મદદ સાથે યુગાન્ડાના લુગાઝીમાં ધ મહેતા ગ્રુપના કર્મચારીઓ અને પરિવારજનોની તપાસમાં વિશિષ્ટ સેવા પૂરી પાડી હતી.

કુલ લાભાર્થીની સંખ્યા : ૧૦૨

# આર્ય કન્યા ગુરુકુળ, પોરબંદર દ્વારા સંસ્થાપકશ્રીની ૧૩૫ મી જન્મ જયંતિની ઉજવણી



તારીખ ૫ ડિસેમ્બર, ૨૦૨૧ના દિવસે આપણા સંસ્થાપકશ્રી – રાજરત્ન શ્રેષ્ઠી શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા અને આર્ય કન્યા વિદ્યાલય ટ્રસ્ટના સન્માનનીય ટ્રસ્ટીગણના આશીર્વાદ સાથે આર્યકન્યા ગુરુકુળના અંતેવાસીઓ, ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, આર્યકન્યા ગુરુકુળ – ગુજરાતી માધ્યમ (બંને નિવાસી અને ડે સ્કૂલ), આર્ય કન્યા ગુરુકુળ – અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ પૂજ્ય કુલપિતાશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે તાજેતરમાં નિયુક્ત પ્રિન્સિપાલ સુશ્રી વંદના શર્માનું મુખ્ય મહેમાન તરીકેના સ્વાગત સાથે ઉજવણીનો આરંભ કરાયો હતો. ગુરુકુળના વિદ્યાર્થીઓએ નગારાના સથવારે સરઘસમાં આગળ રહી મુખ્ય મહેમાનને આ પ્રસંગે સુશોભિત સ્ટેજ સુધી દોરી ગયા હતા. સુશ્રી વંદના શર્માની સાથે પ્રિન્સિપાલ અને ઓનરરી પ્રોવોસ્ટ ડૉ. અનુપમ નાગર, પ્રિન્સિપાલ ડૉ. રંજના મજીઠીયા અને રજિસ્ટ્રાર શ્રી અમિત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.



Arya Kanya Gurukul
Unique Educational Centre for Girls
PORBANDAR, GUJARAT, INDIA



પ્રથમ હરોળ : ડો. કેતકી પંડ્યા (એસોસિએટ પ્રોફેસર ઓફ ઈંગ્લીશ, જીએમસી), સુશ્રી વંદના શર્મા (પ્રિન્સિપાલ, એકેજી-ઈંગ્લીશ મીડિયમ) અને ડો. રંજના મજીઠીયા (પ્રિન્સિપાલ, એકેજી-ગુજરાતી મીડિયમ)
બીજી હરોળ : ડો. અનુપમ આર. નાગર (ઓનરરી પ્રોવોસ્ટ-એકેજી અને પ્રિન્સિપાલ-જીએમસી) અને અમિત ભટ્ટ (રજિસ્ટ્રાર-એકેજી)

સુશ્રી વંદના શર્માએ ૮૫ વર્ષ જૂની ખાસ પરંપરાનું પાલન કરતા 'ઓમ' ધ્વજને લહેરાવ્યો હતો અને ઉપસ્થિત તમામ લોકોએ આનંદ અને ઉત્સાહપૂર્ણ સંગીતમય સલામી આપી હતી. આ પછી સુશ્રી શર્માએ સંબોધન કર્યું હતું જેમાં ગુરુકુળીય અભ્યાસની મહત્તા દર્શાવી હતી જ્યાં માત્ર એકીકૃત–સુગ્રથિત અભ્યાસ જ નહીં પણ સંસ્કારનું સિંચન પણ કરવામાં આવે છે.



## સુશ્રી પાયલની અભૂતપૂર્વ સિદ્ધિ

આપણા સિનિયર મેનેજર – એન્વાયર્નમેન્ટ એન્ડ હોર્ટિકલ્ચર શ્રી જી. એસ. ભોલાની પુત્રી સુશ્રી પાયલ જી. ભોલાએ એનઈએફટી–૨૦૨૧ની પરીક્ષા કુલ ૭૨૦માંથી ૬૬૫ માર્ક્સ મેળવીને ૯૯.૮૦ પર્સેન્ટાઈલના અભૂતપૂર્વ પરિણામ સાથે પાસ કરી છે. તેણે ગુજકેટ પરીક્ષામાં પણ કુલ ૧૨૦ માર્ક્સમાંથી ૧૧૪ માર્ક્સ મેળવીને ૯૯.૯૨ પર્સેન્ટાઈલ મેળવ્યા હતા.

સિદ્ધિ પરિવાર સુશ્રી પાયલની સિદ્ધિઓ માટે ગર્વ અનુભવે છે.

સુશ્રી પાયલના ગૌરવશાળી માતા–પિતા અને પરિવારને પણ ખૂબ ખૂબ અભિનંદન...!

# ‘એક્સેલન્સ એવોર્ડ’ અને ‘સ્નેહમિલન સમારોહ-૨૦૨૧’




**ડાયરેક્ટર-માર્કેટિંગ એન્ડ સેલ્સ શ્રી રણધીર સિંઘ અને રાજકોટ રિજિયનના એક્સેલન્સ એવોર્ડના વિજેતાઓ.**

સમગ્ર સેલ્સ, સેલ્સ ગ્રોથ અને પીપીસી સેલ્સ કેટેગરીમાં શ્રેષ્ઠ પરફોર્મન્સ દર્શાવનારા ડીલર્સને એવોર્ડ આપવા માટે વાર્ષિક ‘એક્સેલન્સ એવોર્ડ’ અને ‘સ્નેહમિલન સમારોહ–૨૦૨૧’નું આયોજન કરાયું હતું. માર્કેટ ઓર્ગેનાઇઝેર્સમાં પણ શ્રેષ્ઠ પરફોર્મન્સ બતાવનારને પણ તેમના સમગ્ર નેટવર્ક ઉત્કૃષ્ટ કામગીરી બદલ એવોર્ડ્સ અપાય છે.

આ ઉપરાંત, કંપનીના બિઝનેસ પરફોર્મન્સમાં પણ ગણનાપાત્ર ફાળો આપવા બદલ તમામ આમંત્રિત ડીલર્સને વાર્ષિક પ્રોત્સાહન–ઈન્સેન્ટિવ પણ આપવામાં આવે છે.

તા. ૨૭ ઓક્ટોબરથી ૩ નવેમ્બર, ૨૦૨૧ સુધી જૂનાગઢ, રાજકોટ, ભાવનગર અને અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આશરે ૬૫૦ ડીલર્સ અને ૬૦ માર્કેટ ઓર્ગેનાઇઝર્સે તેમાં હાજરી આપી હતી. ૮૪ ડીલર્સ અને માર્કેટ ઓર્ગેનાઇઝર્સને એવોર્ડ્સ આપવામાં આવ્યા હતા. આ સમારંભને કારણે નેટવર્કને અરસપરસ તેમના ફીડબેક તેમજ કંપનીના ઉચ્ચાધિકારીઓને સૂચનો આપવાની સારી તક મળી હતી.



**જૂનાગઢ રિજિયનના એક્સેલન્સ એવોર્ડના વિજેતાઓ સાથે શ્રી રણધીર સિંઘ.**

EXCELLENCE AWARDS




સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ-સેલ્સ શ્રી ધર્મેશ ત્રિવેદી ભાવનગર રિજિયનના ડીલર્સને ઈનામ વિતરણ કરી રહ્યા છે.



અમદાવાદ ખાતે સ્નેહમિલન સમારોહમાં માર્કેટ ઓર્ગેનાઈઝેશર્સને સંબોધી રહેલા શ્રી રણધીર સિંઘ.

EXCELLENCE AWARDS



એવોર્ડ સમારોહમાં લાઈવ સંગીતની મજા માણી રહેલા લીડર્સ

## Snowcem PAINTS

એક વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કંપની દ્વારા વર્ષ દરમ્યાન હાથ ધરાયેલી માર્કેટિંગ પ્રવૃત્તિઓને નેટવર્ક સમક્ષ રજૂ કરાઈ હતી. કંપનીના નવા સાહસ અને 'સ્નોસેમ પેઈન્ટ્સ' હસ્તગત કરાયાથી કંપનીના સમગ્ર ભારતમાં નવી પ્રોડક્ટ કેટેગરીમાં ફૂટપ્રિન્ટને નિર્ણાયક પ્રવેશ તરીકે હાઈલાઈટ કરવામાં આવી છે.

આ સત્ર દરમ્યાન ત્વરિત અભિપ્રાય અને ચિંતન સત્ર તરીકે પ્રાદેશિક માર્કેટ ઓર્ગેનાઈઝર્સ અને મુખ્ય ચાવીરૂપ એજન્ટ્સની ડાયરેક્ટર – માર્કેટિંગ એન્ડ સેલ્સ, સંબંધિત પ્રાદેશિક વડાઓ, એકાઉન્ટ્સના અધિકારી અને શ્રી ધર્મેશ ત્રિવેદી સાથે એક અલગ મિટિંગ યોજવામાં આવી હતી.






શ્રી શૈલાભ શર્મા માર્કેટિંગ પ્રવૃત્તિઓથી નેટવર્કને માહિતી આપી રહ્યા છે.

મિટિંગમાં ભાગ લેનારાઓ માટે મ્યુઝિકલ મનોરંજન કાર્યક્રમ તેમજ ફન ગેમ્સનું આયોજન કરાયું હતું જેનો નેટવર્ક દ્વારા મહેતા ગ્રુપ પરિવાર તરીકે ભરપુર આનંદ સાથે મજા માણી હતી. ડેપ્યુટી જનરલ મેનેજર (માર્કેટિંગ) શ્રી શૈલાભ શર્મા તેમજ પ્રાદેશિક વડાઓ અને સેલ્સ ઓફિસર્સના માર્ગદર્શન હેઠળ માર્કેટિંગ ટીમ દ્વારા કોવિડની માર્ગદર્શિકાના કડક પાલન સાથે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તમામ કાર્યક્રમો ખૂબ સફળ રહ્યા હતા અને તેનાથી નેટવર્કને ભારે ઉત્સાહ અને પ્રેરણા મળી હતી.



नवरात्रि

## માર્કેટિંગ ઓફિસોમાં નવરાત્રિની ઉજવણી



શ્રી રણધીર સિંઘ અને તેમની ટીમ સાથે અમદાવાદ ખાતે નવરાત્રિના તહેવારની ઉજવણી

ગુજરાતમાં આપણી તમામ ઓફિસોમાં નવરાત્રિના તહેવારની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઓફિસના પ્રાંગણમાં ગરબાની રમઝટ સાથે સ્વાદિષ્ટ નાસ્તાની મોજ માણી હતી. ઉજવણીના આનંદની સાથે સાથે ટીમો વચ્ચે અરસપરસ વિશેષ પ્રકારનો મૈત્રીપૂર્ણ સંબંધ બંધાયો હતો.

शुभदिपावली

## સેન્ટ્રલ માર્કેટિંગ ઓફિસ (સીએમઓ)માં દિવાળીની પૂજા

દર વર્ષની પરંપરાગત પ્રમાણે ધનતેરસના દિવસે આપણે સીએમઓ ખાતે લક્ષ્મીપૂજન કર્યું હતું. પૂજારી દ્વારા શ્લોકોના મંત્રોચ્ચારથી ઓફિસમાં આધ્યાત્મિકતાનું વાતાવરણ પ્રસરી ગયું હતું. તમામ કર્મચારીઓએ આગામી વર્ષમાં કંપનીની સફળતા અને સમૃદ્ધિ માટે લક્ષ્મીજીને પ્રાર્થના કરી હતી.

બંને કાર્યક્રમોનું આયોજન સુશ્રી બંટી રાવલ અને શ્રી ઓમ પ્રકાશ કહારના નેતૃત્વ હેઠળ એડમિનિસ્ટ્રેશન ટીમ દ્વારા સુંદર રીતે કરાયું હતું અને સમગ્ર ટીમે કાર્યક્રમોની પ્રશંસા કરી હતી.

Snowcem PAINTS

## એસસીએલ - પેઈન્ટ ડિવિઝન : પ્રગતિ અને વિકાસના માર્ગ પર




પેઈન્ટ ડિવિઝન દ્વારા તમામ મોરચે સ્નોસેમ પેઈન્ટ્સના પ્રમોશનનો તબક્કાવાર આરંભ કરાયો છે અને ચેનલ પાર્ટનર્સ અને પેઈન્ટર્સ સમુદાય પર વિશેષ ભાર મૂકાયો છે.

'ગોલ્ડ રશ' અને 'દિવાલી કે બાદ ભી દિવાલી' નામથી આકર્ષક યોજનાઓ બંને સેગમેન્ટ્સ માટે લોન્ચ કરવામાં આવી છે તેમજ બિઝનેસને વિકસાવવા ડીલર્સ અને પેઈન્ટર્સને સ્નોસેમ બ્રાન્ડ તરફ આકર્ષવા સેલ્સ ટીમ દ્વારા તેનો ઉપયોગ વેચાણના સાધન તરીકે કરવામાં આવ્યો હતો.

ડીલર્સ અને પેઈન્ટર્સ દ્વારા આ યોજનાને સારો આવકાર મળ્યો હતો અને લક્ષ્યાંકિત માર્કેટમાં પ્રવેશવા કંપનીને મદદ મળી હતી.



Snowcem PAINTS







સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિવિધ ડિજિટલ પોસ્ટ્સ મારફતે સ્નોસેમ પેઈન્ટ્સનું માર્કેટિંગ કરાઈ રહ્યું છે. ડીલર્સ પેઈન્ટ પર પોસ્ટર્સ, ડેન્ગલર્સ, બોર્ડ્સ અને વોલ પેઈન્ટિંગ દ્વારા 'સત્યની એક પળ – Moment of Truth' દર્શાવવાથી ગ્રાહકો માટે મજબૂત આધાર ઉભો કરાયો હતો. નેટવર્કને મફત ચીજ–વસ્તુઓ અને ઉત્સવની ભેટનું વિતરણ કરાવવાથી સંબંધો વધુ ગાઢ થતા જોવા મળ્યા હતા.

આ પ્રવૃત્તિઓથી 'સ્નોસેમ' બ્રાન્ડનો બજારમાં હકારાત્મક પ્રવેશ થયો છે તેમજ નેટવર્ક, ગ્રાહકો અને ઇન્ફ્લુઅન્સર્સનો વિશ્વાસ મેળવી શક્યા છે જે આગામી સમયમાં સતત તેમાં વધારો થતો જોવા મળશે.

## માર્કેટિંગ ઓફિસોમાં નવા આગંતુકોનું સ્વાગત છે

- **શ્રી સંકેત મૂળજીભાઈ વાઘેલા** — **ટેકનિકલ ઓફિસર, ભાવનગર**
- **શ્રી અપૂર્વ પટેલ** — **સેલ્સ ઓફિસર, અમદાવાદ**
- **શ્રી પ્રદીપ વિશ્વકર્મા** — **સેલ્સ ઓફિસર, હિંમતનગર**
- **શ્રી તીર્થ રાવલ** — **સેલ્સ ઓફિસર, નડિયાદ**
- **શ્રી દિવ્યમ સુથાર** — **સેલ્સ ઓફિસર, સુરેન્દ્રનગર**

# ખાણ મંત્રાલય દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક હેઠળ આદિત્યાણા લાઈમસ્ટોન, માર્લ માઈન અને જીએસસીએલ લાઈમસ્ટોન માઈન્સને ફાઈવસ્ટાર રેટિંગ



ભારત સરકારના સંસદીય બાબતો, કોલસા અને ખાણ મંત્રાલયના કેન્દ્રીય પ્રધાન શ્રી પ્રહલાદ જોશીના વરદ્ હસ્તે
જીએસસીએલ વતી એવોર્ડ સ્વીકારી રહેલા જીએસસીએલના ડાયરેક્ટર શ્રી દિનેશ રાંદડ
અને જીએસસીએલના જનરલ મેનેજર - માઈન્સ શ્રી રાજીવ રંજન સિંઘ.

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક (એસડીએફ)ના અમલ માટે પહેલરૂપ પગલા અને પ્રયાસો કરનારી માઈનિંગ લીઝોને ખાણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલી સ્ટાર રેટિંગ સિસ્ટમ હેઠળ ઈન્ડિયન બ્યૂરો ઓફ માઈન્સ (આઈબીએમ) થકી સ્ટાર રેટિંગ આપવામાં આવેલ છે.

આઈબીએમ દ્વારા ખાણને એકથી પાંચ સ્ટારનું રેટિંગ આપવામાં આવે છે. નિર્ધારિત પેરામીટર્સ પર આધારિત આદિત્યાણા લાઈમસ્ટોન, માર્લ માઈન અને જીએસસીએલ લાઈમસ્ટોન માઈન્સ દ્વારા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ અને ૨૦૧૮-૨૦૧૯ માટે સ્ટાર રેટિંગ ઓફ માઈન્સના મૂલ્યાંકનનું ટેમ્પ્લેટ ફાઈલ કરાયું હતું. આઈબીએમ અધિકારી દ્વારા ડેટા વેરીફિકેશન અને ઇન્સ્પેક્શનના ધોરણે સ્ટાર રેટિંગનું કન્ફર્મેશન આપવામાં આવે છે.

મૂલ્યાંકન પછી, ભારતના સંસદીય બાબતો, કોલસા અને ખાણ મંત્રાલયના કેન્દ્રીય પ્રધાન શ્રી પ્રહલાદ જોશીના હસ્તે તમામ ઉપરોક્ત ખાણને 'ફાઈવ સ્ટાર માઈન્સ'ના એવોર્ડ એનાયત કરાયા હતા. તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૧ના દિવસે નવી દિલ્હી ખાતે મિનિસ્ટ્રી ઓફ માઈન્સ દ્વારા આયોજિત પાંચમા નેશનલ કોન્ક્લેવ ઓન માઈન્સ એન્ડ મિનરલ્સ ખાતે એવોર્ડ અપાયા હતા.




ભારત સરકારના સંસદીય બાબતો, કોલસા અને ખાણ મંત્રાલયના કેન્દ્રીય પ્રધાન શ્રી પ્રહલાદ જોશીના વરદ્ હસ્તે એસસીએલ વતી એવોર્ડ સ્વીકારી રહેલા એસસીએલના ડાયરેક્ટર (વર્ક્સ) શ્રી નરેન્દ્ર સિંઘ અને એસસીએલના જનરલ મેનેજર - માઈન્સ શ્રી પી. કે. દેશપાંડે.

એવોર્ડ મેળવી ખુશી વ્યક્ત કરતાં જીએસસીએલના ડાયરેક્ટર–વર્ક્સ શ્રી દિનેશ રાંદડે જણાવ્યું હતું કે, “જીએસસીએલ ખાતે સસ્ટેનિબિલિટી–ટકાઉપણું કોઈ નવી બાબત નથી. અમારા સિદ્ધાંતો અને મૂલ્યોમાં તે વણાયેલું છે. સસ્ટેનેબલ માઈનિંગ માટે ખાણના જીવનના દરેક તબક્કે ટેક્નોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો આવશ્યક રહે છે. અમારું વર્તમાન ધ્યેય અમારા પાર્ટનર્સ માટે ઉજ્જવળ ભવિષ્ય સર્જવાના હેતુસર ડિજિટલાઈઝેશન અને સ્માર્ટ સોલ્યુશન્સ પર કેન્દ્રીત છે. આ એવોર્ડ અમારી સસ્ટેનેબલ માઈનિંગ કામગીરીના આચરણનું પ્રમાણપત્ર છે.”

# ભારત સરકારના ખાણ મંત્રાલય દ્વારા આદિત્યાણા લાઈમસ્ટોન અને માર્લ માઇનને એફઆઈએમઆઇ એન્વાયર્નમેન્ટ એવોર્ડ




ફેડરેશન ઓફ ઇન્ડિયન મિનરલ ઇન્ડસ્ટ્રીઝ (એફઆઇએમઆઇ) દ્વારા સસ્ટેનેબલ માઈનિંગ પ્રેક્ટિસીસને અપનાવવા અને કોમ્યુનિટીઝના સામાજિક–આર્થિક વિકાસમાં યોગદાન તેમજ અન્યોને આ પ્રકારની અથવા વધારે સારી કામગીરી માટે પ્રેરણા આપવા બદલ 'એફઆઈએમઆઈ એવોર્ડ્સ–૨૦૨૦–૨૧' (પાંચ કેટેગરીમાં ૧૦ એવોર્ડ્સ)ની જાહેરાત કરવામાં આવી હતી. ખાણ મંત્રાલય અને એમઓઈએફસીસીના સહયોગથી વર્ષ ૧૯૯૦–૯૧માં એફઆઈએમઆઈ એવોર્ડ્સની શરૂઆત કરવામાં આવી હતી. આ એવોર્ડ્સ ભારત સરકારના ખાણ મંત્રાલયના માનનીય પ્રધાનના હસ્તે દર વર્ષે એનાયત કરવામાં આવે છે અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ ગણના ધરાવે છે.

અમે એ જણાવતા ખરેખર ગૌરવ અનુભવીએ છીએ કે પર્યાવરણની સુરક્ષા અને સંચાલન પ્રતિ અમારા પ્રયાસોના સંદર્ભે એફઆઈએમઆઈ એવોર્ડ્સ ૨૦૨૦–૨૧ના જેમ ગ્રેનાઈટ્સ એન્વાયર્નમેન્ટ એવોર્ડ માટે આદિત્યાણા લાઈમસ્ટોન અને માર્લ માઈનની પસંદગી કરવામાં આવી હતી.

નવી દિલ્હીના એફઆઈએમઆઈ ખાતે આયોજીત એફઆઈએમઆઈની પપમી વાર્ષિક જનરલ મિટિંગ (એજીએમ) દરમ્યાન ભારત સરકારના ખાણ મંત્રાલયના માનનીય પ્રધાનના હસ્તે આ એવોર્ડ એનાયત કરાયો હતો.

## એન્વાયર્નમેન્ટ એક્સેલન્સ માટે એપેક્ષ ઇન્ડિયા ગ્રીન લીફ એવોર્ડ-૨૦૨૦




અમને એ જણાવતા પણ ખરેખર આનંદ થાય છે કે, તાજેતરમાં ગુજરાત સિદ્ધિ સિમેન્ટ લિમિટેડ (જીએસસીએલ) એપેક્ષ ઈન્ડિયા ગ્રીન લીફ એવોર્ડ–૨૦૨૦ની પ્લેટિનમ કેટેગરીમાં એન્વાયર્નમેન્ટ એક્સેલન્સ એવોર્ડ–૨૦૨૦ની વિજેતા બની હતી.

૨૫ નવેમ્બર, ૨૦૨૦ના દિવસે ગોવાના હોટલ નોવોટેલ રિસોર્ટમાં આયોજિત સમારોહમાં સાંસદ અને દિલ્હી ભાજપના પ્રમુખ શ્રી મનોજ તિવારી, નિવૃત્ત મેજર જનરલ અને ડિફેન્સ એડવાઈઝર શ્રી પી. કે. સિંઘ અને એપેક્ષ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી કુલદીપસિંહ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કંપનીને આ એવોર્ડ એનાયત કરાયો હતો. આ એવોર્ડ જીએસસીએલ વતી સિનિયર મેનેજર–એન્વાયર્નમેન્ટ શ્રી જી.એસ. ભોલાએ સ્વીકાર્યો હતો.



## પર્યાવરણની જાળવણી માટે જીએસસીએલને એક્સિડ એવોર્ડ-૨૦૨૧

પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણ નિયંત્રણના નોંધપાત્ર પ્રયાસો માટે જીએસસીએલએ પ્લેટિનમ કેટેગરીમાં એક્સિડ એવોર્ડ–૨૦૨૧ મેળવ્યો હતો. વર્ષ ૨૦૦૭થી સામાજિક ઉત્થાન માટે કાર્યરત નવી દિલ્હીસ્થિત એનજીઓ 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' (એક કામ દેશ કે નામ – ઈકેડીકેએનનું એકમ) દ્વારા ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે ૮ ઓક્ટોબર, ૨૦૨૧ના દિવસે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




ઉત્તરાખંડના માનનીય મુખ્ય પ્રધાન શ્રી પુષ્કરસિંહ ધામી, ઉત્તરાખંડ સરકારના વન અને પર્યાવરણ પ્રધાન શ્રી હરકસિંહ રાવત અને ઈકેડીકેએનના પ્રમુખ શ્રી રાજીવ બબ્બરના હસ્તે એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## આ મહિનાના એચિવર

અમે ડેપ્યુટી મેનેજર–ઇન્સ્ટ્રુમેન્ટેશન શ્રી સંજય ચૌહાણને તેમના ઉદાહરણરૂપ કાર્ય માટે અભિનંદન પાઠવવા સાથે અમારી કૃતજ્ઞતા વ્યક્ત કરવા ઈચ્છીએ છીએ. તેમના પ્રયાસો અને કંઈક નવું વિચારવાના પરિણામ સ્વરૂપ કોઈ પણ વિક્ષેપ વિના ભઠ્ઠીને સતત પ્રજ્વલિત રાખીને મહત્તમ ઉત્પાદન મેળવી શકાયું છે.

# એસસીઓયુએલ-ડિસ્ટીલરી ઉત્પાદનની સિદ્ધિ



યુગાન્ડાના લુગાઝી ખાતેના સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ (એસસીઓયુએલ) દ્વારા મોલાસીસને એક્સ્ટ્રા ન્યૂટ્રલ આલ્કોહોલ (ઈએનએ) અને ઇન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ (આઈએ)માં રૂપાંતરિત કરવાનો અત્યાધુનિક ટેક્નોલોજીનો ડિસ્ટીલરી પ્લાન્ટ પ્રતિ દિવસ ૩૫,૦૦૦ લીટરની ક્ષમતા સાથે વર્ષ–૨૦૨૧માં સ્થાપવામાં આવ્યો હતો.

ડિસ્ટીલરી પ્લાન્ટના તમામ કર્મચારીઓની સાથે મધ્યમાં ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવ (ફાઈનાન્સ) શ્રી એમ. ડી. હેગડે અને જનરલ મેનેજર - ડિસ્ટીલરી શ્રી વેદપ્રકાશ સિંઘ.

એસસીઓયુએલ ડિસ્ટીલરીએ વર્ષ ૨૦૨૧માં ૧૪.૩૬૧ મિલિયન લીટર્સ ઈએનએનું વિક્રમી ઉત્પાદન કરાયું હતું જે તેની સ્થાપના પછી સૌથી વધુ ઉત્પાદન છે. મહેતા ગ્રુપના મેનેજમેન્ટ ડિસ્ટીલરીના કર્મચારીઓને તેના સૌથી વધુ ઉત્પાદન અને વેચાણ માટે અભિનંદન આપે છે.

## એસસીઓયુએલ-સેનેટાઈઝરનું સૌથી વધુ વેચાણ



શ્રીમતી સુનયના મહેતાએ તેમની પૌત્રી સુશ્રી જહાન્વી મહેતા સાથે સેનેટાઈઝર પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

એપ્રિલ–૨૦૨૦માં એસસીઓયુએલ દ્વારા કોવિડ–૧૯ મહામારીના આરંભ સાથે જનતાના લાભાર્થે પોર્ટેબલ આલ્કોહોલની બનાવટની કાચી સામગ્રી શુદ્ધ એક્સ્ટ્રા ન્યૂટ્રલ આલ્કોહોલ (ઈએનએ) સાથે સેનેટાઈઝર્સનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું. એસસીઓયુએલ સેનેટાઈઝર્સનું વેચાણ યુગાન્ડા નેશનલ મેડિકલ સેન્ટર્સ અને તમામ મોટી હોસ્પિટલોને કરવામાં આવ્યું હતું. નેશનલ મેડિકલ સ્ટોર્સ અને હોસ્પિટલો દ્વારા તેની ગુણવત્તાની સારી પ્રશંસા કરવામાં આવી હતી.

એસસીઓયુએલ ટીમે ૨૦૨૧માં સેનેટાઈઝર્સનું સૌથી વધુ વેચાણ પણ નોંધાવ્યું હતું. આ સિદ્ધિ મેળવવા બદલ સેનેટાઈઝર પ્લાન્ટના તમામ કર્મચારીઓને અભિનંદન, અંતરથી.

## એસસીઓયુએલ-પીલાણની નવી સિઝન





યુગાન્ડા ખાતેના લુગાઝી ખાતે સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ (એસસીઓયુએલ) દ્વારા સપ્ટેમ્બર–ઓક્ટોબર–૨૦૨૧માં સફળ વાર્ષિક શટડાઉન પૂર્ણ કરાયા પછી શેરડીના પીલાણની પુનઃ શરૂઆત કરી હતી. પીલાણના આરંભ પહેલા લુગાઝી ચર્ચના બિશપ અને પાદરીઓ અને લુગાઝી મસ્જિદના મૌલવીને પ્રાર્થનાઓ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે આપણા પૂજારી અને સંસ્કૃતના વિદ્વાન દિકુલ દવેજી સાથે મળી ધાર્મિક પ્રાર્થનાઓ કરી હતી. આ પછી ચીફ એક્ઝિક્યુટિવ શ્રી અનિલ શાહે પીલાણની નવી સીઝનનો આરંભ કરાવ્યો હતો.

શ્રી શાહની સાથે ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવ (ફાઇનાન્સ) શ્રી એમ.ડી. હેગડે, ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવ (પ્રોજેક્ટ) શ્રી વિજય ડોંગરે અને અન્ય વરિષ્ઠ મેનેજમેન્ટ અધિકારીઓ જોડાયા હતા.

## એસસીઓયુએલ ખાતે ૧૧૦૦ કિલોવોટ બાયો-ડાઈજેસ્ટરનું સ્થાપન



સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ દ્વારા તાજેતરના શટડાઉન દરમ્યાન મોલાસીસની વ્યવસ્થા કરવા ડાઈજેસ્ટરનું સ્થાપન કરી કાર્યાન્વિત કરાયું હતું. આ ૧૧૦૦ કિલોવોટ બાયો–ડાયજેસ્ટર છે જેમાં આપણી ડિસ્ટીલરી કામગીરીઓ માટે મોલાસીસનો સંગ્રહ કરવામાં આવશે.

## એસસીઓયુએલ અભૂતપૂર્વ સફળતાના માર્ગે...!

## એસસીઓયુએલ - સુગરનું સૌથી વધુ વેચાણ

સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ (એસસીઓયુએલ)એ વર્ષ ૨૦૨૧માં સૌથી વધુ વેચાણ નોંધાવ્યું છે.

એસસીઓયુએલએ વર્ષ ૨૦૨૧માં ૧૧૭, ૧૯૧.૪૫ ટન લુગાઝી સુગરનું વેચાણ કર્યું હતું.

આ વેચાણમાંથી ૨૯ ટકા વેચાણ કેન્યા, તાન્ઝાનિયા, સુદાન અને કોન્ગો જેવા નિકાસ બજારોને કરાયું હતું.




લુગાઝી સુગર પેક્સ

આ સિદ્ધિનો યશ એસસીઓયુએલ સેલ્સ ટીમની માર્કેટિંગ પહેલો-ઈનિશિયેટિવ્ઝને આપવો જોઇએ જ્યાં કમ્પાલા માર્કેટ્સમાં રૂટ સેલ્સ જેવી વ્યૂહરચનાઓ તેમજ હોલ સેલર્સ અને સંસ્થાઓને ઘરઆંગણે સુગરની ડિલીવરી આપવામાં આવી હતી.

## એસસીઓયુએલ-ઉત્પાદનની સિદ્ધિ



સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ (એસસીઓયુએલ)એ વર્ષ ૨૦૨૧માં શેરડીના પીલાણ અને સુગરના ઉત્પાદનમાં સીમાચિન્હ હાંસલ કર્યું છે. એસસીઓયુએલ દ્વારા વર્ષ ૨૦૨૦માં ૧,૨૭૭,૨૮૦ મેટ્રીક ટન (એમટી) શેરડીના પીલાણની સરખામણીએ ૨૦૨૧માં કુલ ૧,૩૯,૦૯૭ એમટી શેરડીનું પીલાણ કરાયું હતું. વર્ષ ૨૦૨૧માં સુગરનું કુલ ઉત્પાદન ૧૦૮,૧૭૨ મેટ્રિક ટન રહ્યું હતું જ્યારે ૨૦૨૦માં સુગર ઉત્પાદન ૯૬,૦૬૦ મેટ્રિક ટન હતું.

સુગર કોર્પોરેશનની સ્થાપના કરાયા પછી અત્યાર સુધીના ઇતિહાસમાં શેરડીનું પીલાણ અને સુગરનું ઉત્પાદન સૌથી વધુ રહ્યું છે. વર્ષ ૨૦૨૨ માટે અમારો અંદાજ કુલ ૧,૪૬૦,૦૦૦ એમટી શેરડીના પીલાણ અને ૧૧૭,૧૫૦ મેટ્રિક ટન સુગર ઉત્પાદનનો બાંધવામાં આવ્યો છે.

કો-જનરેશન પ્લાન્ટ સફળતાપૂર્વક જુલાઈમાં કાર્યાન્વિત કરાયા પછી ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં નેશનલ ગ્રીડને ૫૨,૭૮૫ મેગાવોટ (મેગાવોટ) વીજળીની નિકાસ કરવામાં આવી છે.

સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડના મેનેજમેન્ટ વિક્રમસર્જક સિદ્ધિ હાંસલ કરવા બદલ સમગ્ર ફેક્ટરી ટીમને અભિનંદન પાઠવે છે અને વર્ષ ૨૦૨૨ માટે શુભેચ્છા વ્યક્ત કરે છે.

## એસસીઓયુએલ પ્લાન્ટેશન - કાયુન્ગા એસ્ટેટ

યુગાન્ડાના લુગાઝી ખાતે સુગર કોર્પોરેશન ઓફ યુગાન્ડા લિમિટેડ (એસસીઓયુએલ) ટીમ માટે ૨૦૨૧નું વર્ષ ઘણું સારું રહ્યું હતું. પ્લાન્ટેશન ટીમે તેની ન્યૂક્લિયસ એસ્ટેટમાંથી ૪૪૮,૨૨૩ એમટી અને તેની કાન્યુગા એસ્ટેટમાંથી ૧૯૪,૭૯૩ એમટી શેરડીનું વાવેતર અને સપ્લાય કર્યું હતું. એસસીઓયુએલની પ્લાન્ટેશન ટીમે તેની ન્યૂક્લિયસ એસ્ટેટમાંથી પ્રતિ હેક્ટર (એચએ) ૧૦૭ ટન અને કાન્યુગા એસ્ટેટમાંથી પ્રતિ હેક્ટર (એચએ) ૧૧૮ ટન સરેરાશ ઉપજ પ્રાપ્ત કરી હતી. ગત ૩૦ વર્ષમાં હાંસલ કરાયેલી આ સૌથી શ્રેષ્ઠ ઉપજ છે.




તસ્વીર સૌજન્ય - શ્રી લુટજાની કેમિસી, આસિ. મેનેજર - સેલ્સ, એસસીઓયુએલ

આ વર્ષે આઉટગ્રોઅર્સ ડિપાર્ટમેન્ટે ૭૪૬,૩૯૦ એમટી શેરડીનો જથ્થો પૂરો પાડ્યો હતો.

વર્ષ ૨૦૨૦માં આ જથ્થો ૬૧૪,૪૬૭ એમટીનો હતો. ફેક્ટરીને પૂરા પડાયેલા શેરડીના કુલ જથ્થામાં આઉટગ્રોઅર્સનું યોગદાન આશરે ૫૪ ટકા રહ્યું હતું. આઉટગ્રોઅર્સ ડિપાર્ટમેન્ટે ૨૦૨૧માં સર્વોચ્ચ ૯૫ ટનની ઉપજ સાથે પીલાણનો વિક્રમ નોંધાવ્યો છે.

એસસીઓયુએલની મેનેજમેન્ટ પ્લાન્ટેશન ટીમ અને આઉટગ્રોઅર્સ ટીમને મહાન સફળતા બદલ અભિનંદન પાઠવે છે અને શેરડીના પુરવઠાની વિક્રમજનક સફળતાને વધાવે છે.

## એસસીઓયુએલની કાર્બન ડાયોક્સાઇડ ઉત્પાદનની સિદ્ધિ

એસસીઓયુએલના કાર્બન ડાયોક્સાઇડ પ્લાન્ટ દ્વારા ૩૨૫૮,૮૪૭ ટનનું વિક્રમી ઉત્પાદન હાંસલ કરાયું છે જે ગયા વર્ષે ૨૨૨૩.૧૧૫ ટનનું હતું. અગાઉ ૨૦૧૭ના વર્ષમાં આપણે સૌથી વધુ ૨૪૦૭ ટનનું ઉત્પાદન નોંધાવ્યું હતું.

મહેતા ગ્રુપ મેનેજમેન્ટ શ્રી લુટજાની કેમિસી, આસિ. મેનેજર–સેલ્સ, એસસીઓયુએલ.



## એસસીઓયુએલ ખાતે સીએસઆર પ્રવૃત્તિ



શ્રી એલ. કેમિસી લુગાઝી કોમ્યુનિટીને લુગાઝી સુગરની વહેંચણી કરી રહ્યા છે.

આસિસ્ટન્ટ મેનેજર – સેલ્સ, શ્રી લુટજાની કેમિસીએ લુગાઝી કોમ્યુનિટીમાં જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા લુગાઝી સુગરની સાથે અન્ય ભોજન સામગ્રી પણ વહેંચી હતી. કોમ્યુનિટીએ આપણા યોગદાનનો સ્વીકાર કર્યો તે આપણા માટે ખરેખર નમ્ર પ્રયાસ હતો.

## શ્રદ્ધાંજલિ




ભારે દુ:ખ અને ઊંડા શોક સાથે અમે જણાવીએ છીએ કે સૌરાષ્ટ્ર સિમિન્ટ લિમિટેડના બોર્ડના સ્વતંત્ર ડાયરેક્ટર શ્રી જયંત ગોડબોલેનું દુ:ખદ અવસાન થયું છે. શ્રી ગોડબોલે ૪ જાન્યુઆરી, ૨૦૨૨ના દિવસે ૭૭ વર્ષની વયે સ્વર્ગે સીધાવ્યા હતા.

શ્રી જયંત એન. ગોડબોલે એપ્રિલ, ૨૦૦૮થી કંપનીના બોર્ડમાં ડાયરેક્ટર તરીકે નિયુક્ત થયા હતા. તેઓ સપ્ટેમ્બર, ૨૦૧૪માં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીના સતત પાંચ વર્ષ સુધીની મુદત માટે નિયુક્ત કરાયા હતા. આ પછી તેઓ ૧ એપ્રિલ, ૨૦૧૯ થી ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી પુન: સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે નિયુક્ત થયા હતા.


આમ, તેઓ ડાયરેક્ટર તરીકે છ વર્ષ અને સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે આઠ વર્ષ સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ સાથે હતા.

## ટ્રેનિંગ અને ડેવલપમેન્ટ-૨૦૨૧





ધ મહેતા ગ્રુપ દ્વારા કર્મચારીઓના વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામે સંસ્થાના કર્મચારીઓની વ્યાપક ભાગીદારી સાથે વિક્રમજનક તાલીમ સત્રોનું સમાપન થયું હતું. વર્ષ ૨૦૨૧ માટે જાન્યુઆરી થી ડિસેમ્બર, ૨૦૨૧ના ગાળા સુધીમાં ૫૯૭ કર્મચારીઓ અને કુલ ૫,૭૫૦ કલાકને આવરી લેતાં ૧૫૭૭ તાલીમ સત્રો હાથ ધરાયા હતા.




અમને એ જણાવતા ગર્વ થાય છે કે કૌશલ્ય વિકાસના વર્કશોપ્સ ઉપરાંત અમે વર્તણૂક સંબંધિત સંખ્યાબંધ તાલીમ વર્કશોપ્સ પણ યોજ્યા હતા. આ વર્કશોપ્સ પાછળનો હેતુ ભાગ લેનારા કર્મચારીઓને યોગ્ય સાધનો, પ્રોત્સાહનો અને શીખવાના પ્લેટફોર્મ્સથી સજ્જ કરવાનો હતો.


કર્મચારી સ્વાસ્થ્ય પ્રોગ્રામ્સ આરોગ્યની જાગરૂકતા અને લાઈફસ્ટાઇલનું કૌશલ્ય લાવે છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ પર ઇન–લર્નિંગનો વિશિષ્ટ ઉદ્‌ભવ થવા સાથે તાલીમમાં નાટ્યાત્મક પરિવર્તન આવ્યું હોવાનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું અને સંખ્યાબંધ ઈ–લર્નિંગ વર્કશોપ્સ પણ યોજાયા હતા.

**શીખેલી બાબતોની નોકરી પર અસર અને તાલીમની અસરકારકતાની જાણકારી હાંસલ કરવા એક સર્વે પણ કરાયો હતો. સર્વેના પરિણામો ખરેખર પ્રોત્સાહક હતા.**







## ગેમિફિકેશન - શીખવાનો નવો પ્રકાર !




## ગેમિફિકેશન અને બિઝનેસનું અનુકરણ - એક આગવું કદમ !




અમે જ્યારે ગેમિફિકેશન નામની તાલીમના નવા પ્રકારને અમલમાં મૂક્યો ત્યારે રમતા રમતા શીખવાની બાબતે નોંધપાત્ર પરિણામો દર્શાવ્યા હતા. સર્વેમાં જણાયું હતું કે, શીખવાનો આલેખ–લર્નિંગ કર્વ ઘણો તીવ્ર હતો અને કર્મચારીઓની હાજરીનું પ્રમાણ ઘણું ઊંચું હતું.

## રાણાવાવ એસસીએલ ખાતે હેવી અર્થ મૂવર્સ માટે નવી ખાણ જાળવણી વાન




એસસીએલ વર્ક્સ દ્વારા નવી ખાણ જાળવણી વાન ખરીદવામાં આવી છે જેની સાથે એર કોમ્પ્રેસર, ન્યૂમેટ્રિક ગ્રીસિંગ પમ્પ અને વેલ્ડિંગના કામકાજ માટે ડીજી સેટ સહિત સિંગલ ફેઝ વેલ્ડિંગ મશીન જેવા આનુષાંગિક સાધનો પણ છે. આનો ઉપયોગ અંતરિયાળ સ્થળોએ ભારેખમ વાહનોના રિપેરિંગ, ભારે વાહનોમાં બળતણ પૂરવા માટે ડિઝલ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ, લુબ્રિકેટિંગ ઓઈલ ફિલિંગ સિસ્ટમ તેમજ તમામ ટુલ્સ અને ટેકલ્સને અનુરૂપ વર્કિંગ બેન્ચ માટે થઈ શકશે. આ વાન ડીજીએમએસ ગાઈડલાઈન્સ અનુસાર તમામ બાજુએ રેટ્રો રિફ્લેક્ટિવ ટેપ્સ, મોનિટર સાથે રિઅર વ્યૂ કેમેરા, આઇપી ૬૭ પ્રકારનું ઓડિયો વિઝ્યુઅલ રિવર્સ એલાર્મ, બ્લાઈન્ડ સ્પોટ મિરર્સ, ઓટોમેટિક ફાયર ડિટેક્શન અને સપ્રેશન સિસ્ટમ (એએફડીએસએસ) સહિત તમામ અત્યાધુનિક સુરક્ષા સાધનોથી સજ્જ છે.

# મહેતા ગ્રુપની કંપનીઓમાં નવા આગંતુકો

## યુગાન્ડાના લુગાઝી ખાતે એસસીઓયુએલમાં

| | |
|---|---|
| શ્રી પુનિત મલિક | એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ ટુ ચેરમેન |
| શ્રી સૌરભ દ્વિવેદી | સેન્ટ્રીફ્યુગલ ફિટર |
| શ્રી મિલન ભરતભાઈ દૂધાત | સ્ટોર ઇન્ચાર્જ |

## યુગાન્ડા લુગાઝી ખાતે કેબલ કોર્પોરેશન લિ.માં

| | |
|---|---|
| શ્રી અવધેશ કુમાર | મેનેજર - ક્વોલિટી કંટ્રોલ |

## ગુજરાતના સિદ્ધિગ્રામ ખાતે જીએસસીએલમાં

| | |
|---|---|
| શ્રી નવિન કુમાર | ડેપ્યુટી મેનેજર - ઇ એન્ડ આઈ |
| શ્રી મહેશ કુમાર રાવત | સિનિયર એન્જિનિયર - મિકેનિકલ |
| શ્રી નરેન્દ્ર સિંઘ | જુનિ. ઓફિસર - લોજિસ્ટિક્સ |

## ગુજરાતના રાણાવાવ ખાતે એસસીએલમાં

| | |
|---|---|
| શ્રી સંદીપકુમાર ભૂપતભાઈ વઘાસિયા | એન્જિનિયર (પ્રોસેસ) |
| શ્રી નિતિનકુમાર અંબાલાલ પટેલ | આસિસ્ટન્ટ મેનેજર (ક્યૂસી) |
| શ્રી મહિપત ભુરાભાઈ કણઝારિયા | ઓફિસર (સ્ટોર્સ) |
| શ્રી રાજકુમાર દિલીપભાઈ દૂધારેજિયા | સિનિયર ઓફિસર (આઈટી) |
| શ્રી જયદેવસિંહ ગંભીરસિંહ ઝાલા | ઓફિસર (પરચેઝ) |
| શ્રી પરેશ પ્રભુદાસભાઈ પનારા | સિનિયર એન્જિનિયર (ઇન્સ્ટ્રુમેન્ટેશન) |
| શ્રી કૈલાસ ગુલાબચંદ પટેલ | આસિ. મેનેજર (મિકેનિકલ) |
| શ્રી આશિષ સુરેશભાઈ કરઠીયા | જીઈટી (માઈન્સ) |

## માર્કેટિંગ ઓફિસર્સ

| | |
|---|---|
| શ્રી અજય ગૌડ | ડેપ્યુટી મેનેજર - માર્કેટિંગ, મુંબઈ |
| શ્રી અમીર | ક્યુસી એક્ઝિક્યુટિવ, ગોતન ફેક્ટરી, ગોતન, રાજસ્થાન |
| શ્રી વિનિત જાવડેકર | ટેરીટરી સેલ્સ મેનેજર, પુણે |
| શ્રી રાજેન્દ્ર પરિદા | ટેરીટરી સેલ્સ મેનેજર, ભૂવનેશ્વર, ઓરિસ્સા |
| શ્રી સતીશ પાલીવાલ | પ્રોડક્શન ઓફિસર, ગોતન, રાજસ્થાન |
| શ્રી અક્ષય શિંદે | પ્રોક્યુરીમેન્ટ એક્ઝિક્યુટિવ, મુંબઈ |

# અમે અમારા તમામ વાચકોને 'અતિ આનંદિત અને સમૃદ્ધિમય નવા વર્ષ'ની શુભકામના પાઠવીએ છીએ...



## અમને ગજગામિની માટે મળેલાં કેટલાંક રિવ્યૂઝ




**કોઈ અમારી પીઠ થાબડે ત્યારે અમને ઘણું જ ગમે !**

ગજગામિનીનો અંક મળ્યો. તેને પહેલા કવર પેજથી છેલ્લા કવર પેજ સુધી બરાબર વાંચ્યો. તેને ભારે પ્રશંસનીય રીતે સંપાદિત અને ચિત્રોથી સજ્જ કરવામાં આવ્યો છે.

હું આપને અંગત રીતે અભિનંદન પાઠવું છું અને મેગેઝિનના આ અંકના સંપાદનમાં તમારી ટીમે જે પ્રયાસો કર્યા છે તેને આવકારું છું.

**શ્રી સુરેશ બી. હોડ, (આઉટગ્રોઅર્સ), એસસીઓયુએલ, યુગાન્ડા**

આ મેગેઝિન ઘણી સારી ભાષામાં લખાયું છે. મેગેઝિન એવી રીતે ડિઝાઈન કરાયું છે કે તેમાં વિવિધ પ્રસંગો અને ઉત્સવોની જાણકારી મળે તે રીતે તમામ બાબતોને આવરી લેવાઈ છે. એમ જણાય છે કે અમે પોતે જ ઉત્સવને માણી રહ્યા છીએ અને તે પ્રસંગનો ભાગ બની ગયા છીએ. તમે અમારા પ્રિય ચેરમેન અને તેમના પરિવારને એકદમ નજીકથી મળી શક્યા તેની અનુભૂતિ કરાવો છે. અમે તેમનાથી માઈલો દૂર હોવા છતાં તમે અમારા માટે તેમને નજીકથી મળવાનું અને તેમના જીવનનો હિસ્સો બનવાનું શક્ય બનાવ્યું છે.

મને અલગ અલગ કર્મચારીઓના લખાણ ગમે છે. તમે અમને અમારા વિચારો, મંતવ્ય, અને કલ્પનાઓને મેગેઝિનમાં સુંદર રીતે અંકિત કરવાની તક આપી છે. મહેતા ગ્રુપ પરિવારના થતાં નાના–મોટા પ્રસંગોને શોધી ઝીણવટભરી રીતે રજૂ કરવાની અને અમારા સમક્ષ મૂકવાની અથાગ મહેનત કરો છો, તેને હું આવકારું છું.

છેલ્લે, હું એમ કહીશ કે આ મેગેઝિન ખરેખર પ્રેમ, વિશેષ ઝીણવટભરી બાબતો અને બધું સાથે પ્રકાશિત કરવાની અખૂટ ધીરજ સાથેનું સુંદર મેગેઝિન છે. હું આગામી અંક આવવાની ઉત્સુકતાપૂર્વક રાહ જોઉં છું.

**સુશ્રી પ્રિસિલ્લા નાઝારેથ, સિનિયર ઓફિસર-એકાઉન્ટ્સ, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ**




મારી દીકરીને હંમેશા બધું જ વ્યવસ્થિત જોઈએ છે. અમે ઘણી વખત તેને મજાકમાં કહીએ છીએ કે તેને ઓબ્સેસિવ કમ્પલ્સિવ ડિસઓર્ડર (ઓસીડી) છે. એક વખત તે તેની નાની ભત્રીજી સાથે રમતી હતી ત્યારે તેણે જોયું કે નાની ભત્રીજી તેના રમકડાને વ્યવસ્થિત રીતે સીધી લાઈનમાં ગોઠવી રહી હતી. તેણે અમારી તરફ વળીને મજાકમાં કહ્યું, "લાગે છે મીરાને પણ ઓસીડી છે!"

બીજું કોઈ કશું પણ બોલે તે પહેલાં જ મીરાંએ તેને ટપારતાં કહ્યું કે, "આન્ટી, આ ઓસીડી નથી, આ તો એબીસીડી છે!"

**રીડર્સ ડાઈજેસ્ટ**



એક ટ્રાફિક લાઈટે બીજી લાઈટને શું કહ્યું ?

સ્ટોપ લૂકિંગ હું બદલી રહી છું.



ચિત્તો કેમ છુપાઈ શકતો નથી ?

કારણ કે તે ટપકાંથી દેખાઈ જાય છે.

# READER'S CORNER

## અમારા માનવંતા વાચકોના પસંદ કરાયેલા લેખોનું યોગદાન



### કોવિડનો સકારાત્મક સામનો

શ્રી મનોજ વાધવાણી, સિનિયર એક્ઝિક્યુટિવ, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ દ્વારા

આ વર્ષ તો આખરે તેનો અંત આવી જ ગયો ! ઓહ ! આ કેવું વર્ષ હતું !!!

આપણે કોવિડ, ડેલ્ટા, ઓમિક્રોન વિશે ઘણું જોયું અને ઘણું સાંભળ્યું અને આપણે એવા તબક્કે આવી પહોંચ્યા છીએ કે હવે ગમે તેટલા વાઈરસ આવે, આપણું કશું બગાડી શકે તેમ નથી.

છેલ્લા બે વર્ષથી આપણા પર દૈનિકપત્ર અને ટેલિવિઝનના માધ્યમથી સમાચારોના બોમ્બ ફેંકાતા હતા. નકારાત્મક અને ડરાવી દેનારા સમાચારો, વાઈરસ ક્યાંથી આવે છે તેની વિસ્તૃત માહિતી, વાઈરસના વિવિધ નામ, કેટલા લોકો મરી ગયા અને હજુ તે કેટલા વિનાશક બની રહેશે તેના સમાચારો.

આપણે અત્યાર સુધી નસીબદાર રહ્યા છીએ, જે લોકોને હજુ કોવિડનો ચેપ લાગ્યો નથી. જે લોકો આ જીવલેણ વાઈરસના હુમલામાંથી સાજા થયા છે. હું માનું છું કે, આ પરિસ્થિતિ બાબતે વધુ સકારાત્મક અભિગમ અપનાવીશું તો જ બચી શકાય છે.

જે કરવાનું આવશ્યક હોય તે બધું કરો. તમારી જાતની અને પરિવારના સભ્યોની કાળજી લેવાની હોય તે બધું કરો પરંતુ, અતિ મહત્ત્વની એક વાત ભૂલશો નહીં. હંમેશા માનસિક રીતે પોઝિટીવ રહેજો.

કામના સ્થળે તમારી ફરજ નિભાવવામાં અને ઘરમાં જવાબદારીઓ પરિપૂર્ણ કરવામાં આત્મવિશ્વાસ રાખો, જરા પણ ડરશો નહીં. હા લોકો, ડરેલા અને અસલામત હોય છે પરંતુ તેનાથી વાઈરસ સામેની લડાઈમાં આપણને વિજય મળવાનો નથી.

આપણે હંમેશા સકારાત્મક રહેવા, કસરત કરવા, યોગ કરવા અને કામકાજ સાથે જાતને વ્યસ્ત રાખવા, આપણા શોખને જીવંત રાખવા, મૂવી નિહાળવા, પુસ્તકો વાંચવાનું વિચારવાનું છે. તમને આનંદમાં રાખે અને વિચારોને જીવલેણ વાઈરસથી દૂર લઈ જાય તે બધું જ કરવાનું છે.

યોગ્ય જ કહેવાયું છે જે લોકો પોતાની મદદ કરે છે તેમની મદદ ઈશ્વર કરે છે એટલે કે હિંમતે મર્દા તે મદદે ખુદા. આથી, આગળ વધો, જાતની મદદ કરો, તમારો સમય ક્રિએટિવ રચનાઓ કરવામાં વિતાવો, કોઈને મદદ કરો, સંગીત સાંભળો. તમામ આત્મવિશ્વાસ અને નવી ચેતનાની તાજગી સાથે થઈ શકે તે બધું જ કરો, ઈશ્વર મહાન છે અને જીવન સુંદર છે !

સૌથી મહત્ત્વપૂર્ણ બાબત, આપણે કોવિડ પછીના યુગમાં છીએ, આપણે કોવિડને હરાવી દીધો છે તેમ વિચારવા તમારા મનને મનાવી લો !



## ગ્લોબલ વોર્મિંગ

સુશ્રી પ્રિસિલ્લા નાઝારેથ, સિનિયર ઓફિસર-એકાઉન્ટ્સ, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ દ્વારા

**ચેતવણી - જો આપણે ગ્લોબલ વોર્મિંગ વિશે કશું નહીં કરીએ તો આપણી હવેની જિંદગી ભયાનક રહેશે અને ભાવિ પેઢીઓ નષ્ટ થઈ જશે.**

### ગ્લોબલ વોર્મિંગ શું છે ?

ગ્લોબલ વોર્મિંગ આપણી પૃથ્વીના તાપમાનમાં વિવિધ કારણોસર તબક્કાવાર થતો વધારો છે. ગ્લોબલ વોર્મિંગ માનવીય પ્રવૃત્તિઓ અને ખાસ કરીને ફોસિલ ફ્યુલના બળવાથી લાંબા સમયથી પૃથ્વી ગરમ થતી રહે છે. ફ્યુલના બળવાથી પૃથ્વીના વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસીસનું પ્રમાણ વધતું રહે છે.

### કારણો :

ગ્રીન હાઉસ ગેસીસનું આવરણ પૃથ્વી પર છવાઈ જાય છે, તે સૂર્યની ગરમીને શોષે છે. આના પરિણામે ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જ થાય છે. અત્યાર સુધી ઈતિહાસ પ્રમાણે કોઈ પણ તબક્કા કરતાં અત્યારે વિશ્વ ઝડપથી ગરમ થઈ રહ્યું છે. કોલસા, ઓઈલ અને નેચરલ ગેસ જેવા ફોસિલ ફ્યુલ્સને બાળવાથી ઈલેક્ટ્રિસિટી અને ગરમી ઉત્પન્ન કરવાના કારણે મોટા પાયે ગ્લોબલ ઉત્સર્જન (એમિશન્સ) સર્જાય છે. મોટા ભાગની વીજળીનું ઉત્પાદન હજુ પણ ફોસિલ ફ્યુલ્સથી થાય છે. આશરે ૨૫ ટકા વીજળી જ પવન, સોલાર અને અન્ય રિન્યૂએબલ સ્રોતોથી મેળવાય છે. મેન્યુફેક્ચરીંગ અને ઇન્ડસ્ટ્રીથી એમિશન્સ પેદા થાય છે.

સિમેન્ટ, લોહ, સ્ટીલ, ઈલેક્ટ્રોનિક્સ, પ્લાસ્ટિક્સ, ક્લોથ્સ તેમજ અન્ય માલ–સામાનના ઉત્પાદનમાં મુખ્યત્વે ફોસિલ ફ્યુલ્સને બાળવાથી મળતી ઊર્જાનો ઉપયોગ કરાય છે.

માઈનિંગ અને અન્ય ઇન્ડસ્ટ્રીયલ પ્રક્રિયાઓ પણ ગેસીસ છોડે છે.

### અસર :

સમય જતાં ગરમ ઉષ્ણતામાનથી આબોહવાની પેટર્ન્સ બદલાય છે અને પ્રકૃતિની સામાન્ય સમતુલા ખોરવાય છે, આના પરિણામે માનવજાત અને પૃથ્વી પર જીવનના અન્ય સ્વરૂપો માટે જોખમ ઉભું થાય છે.

જમીનના લગભગ તમામ સ્થળોએ દિવસો વધુ ગરમ થતાં જાય છે અને ગરમીના મોજા જોવા મળે છે. વર્ષ ૨૦૨૦ નોંધાયેલા સૌથી ગરમ વર્ષોમાં એક ગણાયું છે. અતિશય ઉંચા તાપમાનથી ગરમી સંબંધિત બિમારીઓ પણ વધે છે અને કામકાજ અને હેરફેર વધુ મુશ્કેલ બને છે. જંગલોમાં આગ વધુ સહેલાઈથી શરૂ થાય છે અને પરિસ્થિતિઓમાં ગરમી વધુ હોય ત્યારે ઝડપથી ફેલાય છે.





### વધી રહેલા દુકાળ

મોટા ભાગના વિસ્તારોમાં પાણીની અછત થઈ રહી છે. દુકાળના લીધે ધૂળ–રેતીનું વિનાશક તોફાન આવી શકે છે, જેના કારણે અબજો ટનની રેતી ખંડોમાં ફેલાઈ શકે છે. રણ વિસ્તારો વધી રહ્યા છે, જેનાથી અનાજ ઉત્પાદન માટેની જમીનો ઘટી રહી છે. ઘણા લોકો હવે નિયમિત પાણી નહીં મળવાના સંકટનો સામનો કરી રહ્યા છે.

### ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગની અસરો શું છે ?

મહત્તમ ઉષ્ણતામાન વધે છે. લઘુત્તમ ઉષ્ણતામાન વધે છે. સમુદ્રનું સ્તર વધે છે.

મહાસાગરનું તાપમાન ઊંચે જાય છે. ભારે વરસાદ અને કરા પડે છે.

ગ્લેસિયર્સ સંકોચાય છે. ધ્રુવ પ્રદેશોમાં ઠરેલી માટીના પડ ઓગળે છે. ક્લાઈમેટ ચેન્જના કારણે માનવીના આરોગ્ય પર અસરો પડી છે. હવામાન અને આબોહવાની પેટર્ન્સમાં ફેરફારો જીવનને જોખમમાં મૂકી શકે છે. સૂકા વાતાવરણના કારણે જંગલોમાં વધારે આગ લાગે છે. જેની આરોગ્ય પર વિષમ અસરો પડે છે. પૂર આવવાના વધી રહેલી ઘટનાઓથી પાણીજન્ય રોગોનો ફેલાવો, ઈજાઓ અને રાસાયણિક જોખમો વધી શકે છે.

### આપણે કઈ રીતે સામનો કરી શકીએ?

ક્લાઈમેટ ચેન્જને મર્યાદિત રાખવામાં દરેક મદદ કરી શકે છે. આપણે જે રીતે પ્રવાસ કરીએ છીએ તેનાથી શરૂ કરીને વીજળીના ઉપયોગ અને જે ખોરાક ખાઈએ છીએ, તે બધામાં આપણે તફાવત લાવી શકીએ છીએ. ક્લાઈમેટ કટોકટીનો સામનો કરવામાં મદદ માટે તમે આ ૧૦ પગલા ભરી શકો છો. ઘરમાં એનર્જીની બચત કરો.

મોટા ભાગની વીજળી અને ગરમી મેળવવા માટે કોલસા, ઓઈલ અને ગેસનો ઉપયોગ કરાય છે. તમારા હીટીંગ અને કૂલિંગ ઘટાડીને એનર્જીનો ઉપયોગ ઓછો કરો. એલઈડી લાઈટ બલ્બ અને ઊર્જાક્ષમ ઈલેક્ટ્રિક સાધનોનો વપરાશ કરો, કપડાં ધોવા માટે ઠંડા પાણીનો ઉપયોગ કરો અથવા ડ્રાયરનો ઉપયોગ છોડી કપડા લટકાવીને સૂકવો.

વિશ્વના રસ્તાઓ વાહનોથી ભરચક રહે છે અને તેમાંથી મોટા ભાગના વાહનો ડીઝલ અથવા પેટ્રોલ બાળે છે. ડ્રાઈવિંગના બદલે ચાલવાનું અથવા સાઈકલ ચલાવવાનું રાખો જેનાથી ગ્રીનહાઉસ ગેસ એમિશન્સ ઘટશે તેમજ તમારી તંદુરસ્તી અને ફિટનેસ જાળવવામાં મદદ મળશે. લાંબા અંતરે જવા ટ્રેન અથવા બસનો ઉપયોગ કરો. શક્ય બને ત્યાં કાર પુલનો ઉપયોગ કરો.

વધુ પ્રમાણમાં શાકભાજી, આખા અનાજ, કઠોળ, નટ્સ અને બિયાં ખાવાથી તેમજ માંસ અને ડેરી પ્રોડક્ટ ઓછી ખાવાથી પર્યાવરણ પર અસરો નોંધપાત્રપણે ઘટે છે. વનસ્પતિ આધારિત ખોરાકના ઉત્પાદનથી ગ્રીનહાઉસ એમિશન્સ ઓછા પ્રમાણમાં થાય છે અને તેમાં એનર્જી, જમીન અને પાણીની ઓછી જરૂર પડે છે.



# shining stars



## ડો. રીતુ રાંદડ લિખિત પુસ્તક

જીએસસીએલ, સિધ્ધિગ્રામના ડાયરેક્ટર વર્ક્સ શ્રી અને શ્રીમતી દિનેશ રાંદડની પ્રતિભાશાળી પુત્રી ડૉ. રીતુ રાંદડને તેમના પ્રથમ પ્રકાશન ‘કોમ્યુનિટી હેલ્થ પ્રમોશન યુઝિંગ (આઈસીટી)’ માટે ખૂબ ખૂબ અભિનંદન.

**અમને તેનું ગૌરવ છે કે આપણા વચ્ચે આવા એક લેખક છે !**



## સુશ્રી નિશા રાણીની બ્લોક એજ્યુકેશન ઓફિસર તરીકે નિયુક્તિ

શ્રી વેદપ્રકાશ સિંઘના પુત્રી સુશ્રી નિશા રાણીને યુપીપીએસસી પરીક્ષા પાસ કર્યા પછી ઉત્તર પ્રદેશના માનનીય મુખ્ય પ્રધાન શ્રી યોગી આદિત્યનાથજી તરફથી બ્લોક એજ્યુકેશન ઓફિસર તરીકે નિયુક્તિ આપતો એમ્પ્લોયમેન્ટ લેટર પ્રાપ્ત થયો છે. તેમણે તાજેતરમાં યોજાયેલી યુપીપીએસસી એક્ઝામ્સમાં સમગ્ર ભારતમાં ૧૫૨મો રેન્ક મેળવ્યો હતો.

મહેતા ગ્રુપ સુશ્રી નિશા રાણી અને તેમના ગૌરવશાળી માતા-પિતા શ્રી અને શ્રીમતી વેદપ્રકાશ સિંઘને અભિનંદન પાઠવે છે.

**શ્રી સિંઘ ગત ૧૦ વર્ષથી યુગાન્ડાના લુગાઝી ખાતે એસસીઓયુએલમાં જનરલ મેનેજર - ડિસ્ટીલરી તરીકે ફરજ બજાવી રહ્યા છે.**



## શ્રી સેન્થિલ કુમાર અને સુશ્રી અનન્યા સેન્થિલ કુમાર રચિત કલાકૃતિ

યુગાન્ડા ખાતેની એસસીઓયુએલમાં સેલ્સ અને માર્કેટિંગના વડા શ્રી સેન્થિલ કુમાર દ્વારા તૈયાર કરાયેલી આ કલાકૃતિ આધુનિક અને સમકાલીન – કન્ટેમ્પરરી આર્ટનું સંયોજન છે, જેનું રંગકામ એક્રેલિક પેઇન્ટ્સ ઉપયોગથી કરાયું છે.





પિતાના પગલે પુત્રી પણ કળાના ક્ષેત્રમાં ખૂબ તેજસ્વી છે. શ્રી સેન્થિલ કુમારની પુત્રી સુશ્રી કે.એસ. અનન્યા સેન્થિલ કુમારના અદ્‌ભૂત પેઈન્ટિંગમાં જીવન અને મૃત્યુ તેમજ જીવનના પાંચ તત્ત્વો જેવા કે સૂર્ય, પૃથ્વી, વાયુ, જળ અને અવકાશનું ચિત્રણ કરવામાં આવ્યું છે.



ગયા અંકના વિજેતા

**શ્રી મનોજ વાધવાણી, સિનિયર એક્ઝિક્યુટિવ, એમડી ઓફિસ, મુંબઈ**

# બાળક માટે ઉત્સવોનું મહત્ત્વ



ઉત્સવો દરમ્યાન બાળકો માટે શેનું મહત્ત્વ રહે છે ?

અલગ–અલગ લોકો માટે તહેવારનો અર્થ પણ અલગ હોય છે.

હું વર્ષમાં જોરદાર ઉજવણીને લાયક હોય તેવા મારા માટે સૌથી મનપસંદ બે સમય – દિવાળી અને નૂતન વર્ષ વિશે તમને સહભાગી બનાવવાની તક અહીં ઝડપી લઉં છું.

## દિપાવલી

તહેવારને ઉજવવાની આતુરતા એક અઠવાડિયા પહેલાથી શરૂ થઈ જતી અને તેમાં મુખ્ય તો મને મળનારા નવા વસ્ત્રોની વાત રહેતી હતી !

અમે બાલ્કનીમાં લટકાવવા માટેના સુંદર સજાવટભર્યા ફાનસ બનાવવામાં સમય વીતાવતા અને મમ્મી મીઠાઈઓ અને ભારતીય નાસ્તા બનાવશે, તેના વિચારોથી આનંદથી ઝૂમી ઉઠતા હતા. સામાન્ય રીતે પાડોશી સાથે આ બધાની વહેંચણી થતી અને પડોશીઓ પણ તેમણે દિવાળી માટે ઘરમાં જ બનાવેલી વાનગીઓ અમને આપતા હતા ! અમારી સોસાયટીમાં મોટો તારો બનાવાતો હતો અને અમે પણ તારો બનાવવામાં તેમની સાથે જોડાતા અને આખી સોસાયટી ઘણી સુંદર લાગતી હતી.

આપણા બાળપણની યાદગાર સમાન વધુ એક યાદ જરૂરિયાતમંદ લોકોને પૈસા આપવાની અને સ્ટોર્સમાં નહીં પરંતુ રસ્તા પર દીવડા વેચતી સ્ત્રીઓ પાસેથી દીવડા ખરીદવાની રહી છે.

આપણા જીવનના શરૂઆતના વર્ષો... આપણે જ્યારે મોટા થઈ રહ્યા હતા ત્યારે આપણા માતા–પિતા આપણને ફટાકડા ખરીદવાથી દૂર રહેવાનું આપણને શીખવતા હતા કારણ કે તે અવાજ અને વાયુ પ્રદૂષણના મુખ્ય કારણ છે. આના બદલે આપણે રંગોળી સજાવતા અને દીવડાથી સજાવટ કરતા હતા.

પરિણામે આખું ઘર ઝગમગતું થઈ સ્વર્ગ જેવું દેખાતું હતું.




# નૂતન વર્ષાભિનંદન

નવા વર્ષની ઉજવણી હંમેશા ખાસ બની રહેતી હતી. કારણ કે વર્ષના આ સમયે અમારો પરિવાર બહારગામના પ્રવાસની યોજના બનાવતા હતા. આ પ્રવાસનું પ્લાનિંગ ક્યારનું ય શરૂ થઈ જતું.

અમે અચાનક શાળાના અભ્યાસમાં રસ દાખવતા અને યુનિટ પરીક્ષામાં સારો દેખાવ કરતા અને અમારા માતા–પિતા પણ સારી રીતે જાણતા હતા કે, અમને શા માટે આટલો રસ પડતો હતો અને અચાનક ભણેશ્રી બની જતા હતા કારણ કે આ બધાના અંતે મળનારા ઈનામની અમને ખબર રહેતી હતી.

અમે નવા વસ્ત્રો ખરીદતા, અમારા સ્વિમિંગ ટ્રંક્સ, ટ્રેકિંગ શૂઝ પણ લઈ લેતા અને પિતાજી અમને સૌથી અદ્‌ભૂત સ્થળોએ લઈ જતા જેની જાણ અમને પ્રવાસના દિવસે જ કરાતી હતી. અમે તો ત્રણ મહિના સુધી તેના વિચારો અને સપનાઓ જોયા કરતા પરંતુ તેઓ અમને કદી તે સ્થળ વિશે જણાવતા નહીં.

એ કહેવાની જરૂર નથી કે આટલા ઓછા પગાર છતાં અમારા માતા–પિતા માત્ર અમારા ચહેરા પરનું સ્મિત જોવા ખાતર જ શક્ય હોય તે બધું જ આપવાનું કરતા હતા.

તહેવારોમાં મુખ્યત્વે બે પાર્ટી યોજાતી હતી. એક તો ક્રિસમસની અને બીજા નવા વર્ષની પૂર્વસંધ્યા–ન્યૂ યર ઈવની પાર્ટી. આ પાર્ટીમાં તો અમે ડાન્સ કરતા, અમે સૌથી સુંદર કપડા પહેરતા, ગાતા અને સ્વાદિષ્ટ ભોજન કરતા, અમારી આસપાસ સૌથી સુંદર અને પ્રેમાળ લોકોના સાંનિધ્યમાં સ્વપ્નના સ્થળે બેસીને આ બધુ કરતા હતા. અમે આનાથી વધુ ઈશ્વર પાસેથી શું માગી શકીએ ?

તહેવારો તો આવશે અને જશે પરંતુ તમારી સાથે પ્રેમાળ પરિવાર હોય તો દરેક દિવસ ઉત્સવ જ રહેશે. આ લેખથી હું ખરેખર મારા શાળાના દિવસોને આંખો સમક્ષ જોઈ રહ્યો છું.

આશા છે કે તમને પણ વાંચીને ઘણો આનંદ થયો હશે.




અમારા બાળવાચકો માટે ખાસ બોધકથા



# દેડકા બે અને સમસ્યા સરખી


એક વખત દેડકાનો સમૂહ પાણીની શોધમાં જંગલમાં રખડતો હતો. અચાનક આમાંના બે દેડકા ઊંડા ખાડામાં પડી ગયા. અન્ય દેડકાઓને ખાડામાં પડી ગયેલા પોતાના મિત્રોની ભારે ચિંતા થઈ.

આ ખાડો કેટલો ઊંડો છે તે જોયા પછી અન્ય દેડકાઓએ બે દેડકાને કહ્યું કે ઊંડા ખાડામાંથી બહાર આવવાનો કોઈ રસ્તો જ નથી અને પ્રયાસ કરવાનો કોઈ અર્થ નથી. બે દેડકાં ખાડામાંથી બહાર આવવા કૂદકા મારવાનો પ્રયાસ કરતા અને પાછા નીચે પડી જતા હતા ત્યારે બહાર કેટલાક દેડકા તેમને નિરાશ કરતા હતા.

થોડા જ સમયમાં બેમાંથી એક દેડકો અન્ય દેડકાઓની વાત માનવા લાગ્યો કે તેઓ હવે કદી આ ખાડામાંથી બહાર નીકળી શકશે નહીં અને થાકી–હારીને આખરે મરણને શરણ થઈ જશે. જોકે, બીજા દેડકાએ પ્રયાસ ચાલુ જ રાખ્યા અને પરિણામે એટલું ઊંચે કૂદી શક્યો કે આખરે ઊંડા ખાડામાંથી બહાર નીકળી શક્યો. બહાર ઉભેલા અન્ય દેડકાઓને આશ્ચર્ય થયું કે, આ દેડકાએ કેવી રીતે આ કર્યું ? સાચી વાત તો એ હતી કે બીજો દેડકો તો બહેરો હતો અને બહારના દેડકાઓ જે નિરાશ કરતા હતા તેને સાંભળી શક્યો ન હતો. તેને તો એમજ લાગ્યું કે દેડકાઓ તો તેમનો ઉત્સાહ વધારી રહ્યા છે !


**આ કથાનો બોધપાઠ :** લોકોના મંતવ્યો – અભિપ્રાયોની અસર તમારા પર ત્યારે જ થશે જ્યારે તમે તેમને માનવા લાગશો. આથી, જ તમારા પોતાનામાં વિશ્વાસ રાખવો વધારે સારું ગણાય.

## શું તમે જાણો છો ?




- જ્યારે કોઈ વ્યક્તિ આંસુ સારે ત્યારે આંસુનું પ્રથમ ટીપું તેમની જમણી આંખમાંથી આવે તો તે આનંદ હશે પરંતુ જ્યારે ડાબી આંખમાંથી આંસુ આવે તો તે દુઃખનું હશે. અને જ્યારે બંને આંખમાંથી આંસુ પડે ત્યારે તે હતાશા કે નિરાશા હશે.
- જ્યારે તમે આનંદિત-ખુશ હો ત્યારે તમારા રોજિંદા જીવનના કામકાજ માટે તમારે ઓછી ઊંઘની જરૂર પડશે. ઉદાસીનતાના લીધે વધુ ઊંઘવાની ઈચ્છા થાય છે.
- સફરજનમાં ૨૫ ટકા હવા હોય છે, આથી જ તે પાણી ઉપર તરતું નથી.

સુશ્રી પ્રિસિલ્લા નાઝારેથ, સિનિયર ઓફિસર-એકાઉન્ટ્સ, કોર્પોરેટ ઓફિસ, મુંબઈ દ્વારા




### અમારા યુવા વાચકો માટે :

જાઓ અને બધા ખરેલા પાંદડા, પથરા અને કુદરત પાસેથી મળતી અન્ય વસ્તુઓ ભેગી કરો. તમારી વિચારશક્તિથી નવા વર્ષનું કાર્ડ બનાવો. જે કાર્ડ અમારું ધ્યાન ખેંચે તેવું આકર્ષક હશે, તેને કલ્પના પણ ન કરી શકાય તેવી ભેટ મળશે !

### પુખ્ત વયના લોકો માટે :

જરા ક્રિએટિવ બનો, રમુજી બનો. નવા વર્ષના ત્રણ સંકલ્પોની યાદી બનાવો :

જે સંકલ્પો સૌથી રમુજી છતાં અર્થસભર લાગશે તેઓ યોગ્ય ઇનામના હકદાર બનશે.

**પ્રકાશન : ધ મહેતા ગ્રુપ**
એન.કે. મહેતા ઇન્ટરનેશનલ હાઉસ, ૧૭૮ બેક બે રિક્લેમેશન, બાબુભાઈ ચિનાઈ માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૦. ઇન્ડિયા | www.mehtagroup.com

**સંપાદકઃ** નીતા મંગલુરકર
**અમારી સંવાદદાતા ટીમ :** પંકજ વાજા, નિપુલ ઝાલા, એચ.એમ. ખુંટી, શ્રી અલ્પેશ કારેના, શ્રી એમ. ડી. હેગડે, શ્રી સેન્થિલ કુમાર અને લેફ. કોલ. ભૂષણ મહેતા (રિટાયર્ડ)

**અમારા કન્ટેન્ટ અને સંપાદકીય સલાહકારઃ** પ્રકાશ કુંતે, સુરેશ કોઠારી અને ઝૈનાબ એસ. કાઝી
**ડિઝાઇન :** મીતા શાહ - એ એન્ડ એમ એન્ટરપ્રાઈઝ, અમદાવાદ
**મુદ્રણ :** પ્રિન્ટ વિઝન પ્રા.લિ., અમદાવાદ | www.printvision.in